ગ્રામવિકાસ સંકલન



ગ્રામવિકાસ સંકલન

નમો નમો જિન શાસનાય

પ્રાપ્તિસ્થાન

શ્રી વર્ધમાન પરિવાર

રજીસ્ટર ઓફિસ : અવંતિકાબાઈ ગોખલે સ્ટ્રીટ, ૬, ધના મેન્શન,
ઓપેરા હાઉસ, મુંબઈ - ૪૦૦ ૦૦૪. ફોન: ૦૨૨-૨૩૮૮૭૬૩૭, ૨૩૮૯૫૮૫૭

બોરીવલી કેન્દ્ર : ૨૯/બી, પુષ્પાંજલી, ૪થા માળે, જાંબલી ગલી,
બોરીવલી (પશ્ચિમ), મુંબઈ - ૪૦૦ ૦૯૨. ફોન : ૨૮૯૯૬૨૫૪

Email : vardhmanparivar@yahoo.com,
vardhmanparivarborivali@gmail.com
Website : www.shreevardhmanparivar.com

અનુક્રમણિકા

૧	અનર્થશાસ્ત્રીઓનો વિકાસ અને કેળવણી	૧
૨	વિકાસ : ગુલામી, ગરીબી અને ગુનાખોરીનો	૬
૩	પેટ્રોલિયમ ખૂટ્યું જાણજો	૧૧
૪	સાચો વિકાસ આવો હોઈ શકે ?	૧૪
૫	આદર્શ ગામની કલ્પના	૧૭
૬	આપણે ક્યાં ભૂલ્યાં ?	૨૧
૭	સૂર્યશક્તિથી ચાલશે ગ્રામ ઉદ્યોગો	૨૭
૮	જગતમાં ક્રાન્તિ લાવનારૂં તડકાયંત્ર	૨૯
૯	દુનિયાભરમાં પવનવિદ્યુત અને સૂર્યવિદ્યુતનો અભૂતપૂર્વ....	૩૨
૧૦	પવનચક્કી ખરીદતા કે બનાવતા પહેલાં તેના જોખમો વિશે....	૩૫
૧૧	ટચુકડી તેલ મીલોના આર્થિક સામાજિક ફાયદા	૩૭
૧૨	ધર્મ નીતિની દૃષ્ટિએ ખાંડ	૪૭
૧૩	ઉત્તમ ગોળ બનાવવા માટે સૂચનો	૫૦
૧૪	મોદી સરકાર ગોમાંસની નિકાસબંધીનો નિર્ણય ક્યારે લેશે ?	૫૩

અનર્થશાસ્ત્રીઓનો વિકાસ અને કેળવણી

આજનું રાજ્યતંત્ર સંપૂર્ણપણે અનર્થશાસ્ત્રીઓના હાથમાં આવી ગયું છે. આ અનર્થશાસ્ત્રીઓને પહેલેથી જ એવું ભણાવવામાં આવ્યું હોય છે કે જેમ ઉત્પાદનનું કેન્દ્રિકરણ કરો એમ સારું. એટલે આખા દેશના રોટલા રોટલી દિલ્હીમાં જ પકાવવામાં આવે અને ત્યાંથી ટ્રાન્સપોર્ટના સાધનો મારફત- વિમાનોમાં, ટ્રેઇનોમાં, ટ્રકોમાં ગામે ગામ તેની વહેંચણી થાય તો વિકાસ બહુ જ થયો ગણાય. સામાન્ય માણસ સમજી શકે છે કે તેનાથી તો અનર્થ થાય. પરંતુ અનર્થશાસ્ત્રીઓને એવું જ ભણાવવામાં આવે છે. એમને મન એને જ વિકાસ કહેવાય. વિકાસ એટલે જંગી પ્રમાણમાં કેન્દ્રિકરણ અને કેન્દ્રિત ઉત્પાદન. તેથી નાના ખેડૂતો નાબૂદ કરીને મોટી મોટી કંપનીઓ મારફત હજારો એકરના મોટા ખેતરોમાં ખેતી થાય તેને આજના અનર્થશાસ્ત્રીઓ વિકાસ ગણે છે. એવી જ રીતે એક જ જગ્યાએ સેંકડો ગાયોને એક જ માણસની માલિકી નીચે દૂધ ઉત્પાદનના મશીનો તરીકે નિભાવીને તેમાંથી નીકળેલા દૂધને હજારો કિલોમીટર દૂરની ડેરીમાં મોકલાય, ત્યાં કરોડો રૂપિયાના મશીનો લગાડીને દૂધ ગરમ કરીને પછી લાખો પેકેટમાં ભરવામાં આવે અને પછી ટ્રકો મારફત શહેરોમાં અને ફરી ગામડાંઓમાં મોકલવામાં આવે એવી વેડફાટવાદી વ્યવસ્થાને આજના અનર્થશાસ્ત્રીઓ વિકાસ ગણે છે. દરેક ખેડૂત પોતાની ગાય રાખે, ગાય તેના કુટુંબ સાથે આત્મીયતા અનુભવે, તેનું તાજું દૂધ ઘરના બધા ખાય, વધે તે ગામના પાડોશીઓ ખરીદી જાય એ વ્યવસ્થા સામાન્ય માણસને વધારે સારી, સાચી અને સુખદાયી લાગે છે. પરંતુ આજના અનર્થશાસ્ત્રીઓ તેને પછાતપણું ગણે છે અને વિકાસનું વિરોધી ગણે છે.

એવી જ રીતે આખા દેશનો કપાસ ફક્ત એક જ જગ્યાએ અમદાવાદમાં ભેગો કરીને તેમાંથી કાપડ બનાવીને આખા દેશમાં ટ્રકો મારફત ગામેગામ વેચવા માટે જાય તેને આજના અનર્થશાસ્ત્રીઓ વિકાસ ગણે છે. તેથી તેઓ એવી નીતિઓ બનાવે છે કે જંગી મોટા કારખાનાને જ મદદ કરવી, જેથી મોટા મોટા કારખાના જ ટકે અને નાના ભાંગી જાય. સામાન્ય માણસની બુદ્ધિ સમજી શકે છે કે કપાસ જ્યાં પાકે છે ત્યાં જ જીનીંગ થાય, ત્યાં જ કાપડ બને અને ત્યાં જ પહેરાય તો ઉત્પાદન સસ્તું પડે. ટ્રાન્સપોર્ટનું ખર્ચ ના ચડે અને બધાને કાપડ મળી રહે, રોજગારી મળી રહે, બેકારી ના રહે. પરંતુ અનર્થશાસ્ત્રીઓની બુદ્ધિ અવળી જ ચાલે. તેમને મતે

સાદા સાધનોથી ગામે ગામે કાપડ બનાવી લેવું તે પછાતપણાની નિશાની ગણાય અને વિકાસનું વિરોધી ગણાય. તેથી તેઓ જંગી ટેક્ષટાઇલ મિલોને અબજો રૂપિયા આપીને મોટી ટેક્ષટાઇલ મિલો મારફત આખા દેશને થોડાક અબજપતિઓ ચૂસ્યા કરે અને કરોડો માણસો ગરીબ અને બેકાર થાય તેને વિકાસ ગણે છે. પહેલા આપણે ગામેગામ નાના ખેડૂતો શેરડી પીલીને પૌષ્ટિક ગોળ બનાવી લેતા. પરંતુ આજના અનર્થશાસ્ત્રીઓ તેને પછાતપણાની નિશાની ગણે છે. તેથી તેમણે અબજો રૂપિયા મોટી ખાંડની ફેક્ટરીઓ સ્થાપવા અને ચલાવવા થોડાક કરોડપતિઓને આપ્યા અને તેમાં મોટા પ્રમાણમાં આરોગ્યને નુકસાનકારક સફેદ ઝેર એટલે ખાંડ બનીને આખા દેશમાં ટ્રકો મારફત વેચવા જાય એ ગેરવ્યવસ્થાને આજના અનર્થશાસ્ત્રીઓ વિકાસ ગણે છે. આવી રીતે ગામે ગામ પાકતા મગફળી, રાયડો, તેલ, ટોપરા, અળશી જેવાં તેલીબિયાં ગામની જ ઘાણીમાં પિલાય અને ગામમાં જ લોકોને તાજું, શુદ્ધ તેલ મળી રહે એ સ્વદેશી વ્યવસ્થાને અનર્થશાસ્ત્રીઓએ જુનવાણી અને પછાત વ્યવસ્થા ગણીને ધૂત્કારી કાઢી અને તેને તોડી પાડવા માટે, મોટી જંગી ઓઈલ મિલો સ્થાપવા અને ચલાવવા માટે કરોડો, અબજો રૂપિયા ધનવાનોને આપ્યા. પરિણામે મોટી ઓઈલ મિલોમાં જંગી પ્રમાણમાં ભેળસેળ થઈને આરોગ્યને નુકશાનકારક ભેળસેળિયું તેલ આખી પ્રજાને અત્યારે ખાવું પડે છે. પરંતુ અનર્થશાસ્ત્રીઓ એને જ વિકાસ ગણે છે.

આ રીતે દવા, ચંપલથી સિમેન્ટ સુધીની તમામ ચીજ વસ્તુનું ઉત્પાદન જંગી રાક્ષસી કારખાનામાં અટપટા યંત્રો મારફત જ કરવું અને પછી ટ્રકો, ટ્રાન્સપોર્ટ મારફત આખા દેશમાં વેચવા મોકલવું એ વ્યવસ્થાને જ વિકાસ કહેવામાં આવે છે. આ આખી વ્યવસ્થા અતિશય કેન્દ્રિત છે. તેથી તેને જંગી પ્રમાણમાં ટ્રાન્સપોર્ટની જરૂર પડે છે. તેથી મોટા મોટા હાઈવે, રસ્તા, રેલવે, પુલો, વિમાનો, એરપોર્ટ, બંદરો, રીફાઈનરીઓ, પેટ્રોલના ટેન્કરો, પેટ્રોલપંપો વગેરેની જંગી પ્રમાણમાં જરૂર ઊભી થાય છે અને તેને જ આજના અર્થશાસ્ત્રીઓ વિકાસ ગણે છે. ટ્રાન્સપોર્ટ જેમ વધે તેમ તે વિકાસ એ આજના અનર્થશાસ્ત્રીઓનું મુખ્ય સૂત્ર છે. આ રીતે દેશમાં જેટલી વીજળીનું ઉત્પાદન થઈ શકે તે બધું એક જ જગ્યાએ જંગી રાક્ષસી પાવરહાઉસમાં કરવું અને પછી ટ્રાન્સમીશન લાઈનો નાખીને જાડા દોરડા મારફત જુદા જુદા શહેરોમાં અને ગામડામાં લઈ જવું તે આધુનિક વિકાસ ગણાય. જો કોઈ

માણસ પોતાને જોઈતી વીજળી પોતે જ પેદા કરી લ્યે, પોતાને જોઈતું કાપડ ગામે ગામ પોતાની વ્યવસ્થા મારફત કરી લ્યે, પોતાને જોઈતું દૂધ પોતાની ગાય રાખીને ગામે ગામ મેળવી લ્યે એ બધી વ્યવસ્થા વિકાસની વિરોધી છે, એમ દુનિયાના બધા જ અનર્થશાસ્ત્રીઓ માને છે, કારણ કે તેમને એવું જ ભણાવવામાં આવ્યું છે અને તેમના મન ખોટા ભણતરથી ભમાવી દેવામાં આવ્યાં છે.

વિકાસની આ આખી વ્યવસ્થા શોષણખોર છે, થોડાક અબજપતિઓના લાભ માટે જ છે અને આમ પ્રજાના અસ્તિત્વ માટે અતિશય જોખમી છે. વિકાસની આ આખી વ્યવસ્થા મુઠ્ઠીભર માણસોના હાથમાં ધન અને સત્તાનું કેન્દ્રિકરણ કરે છે અને કરોડો, અબજો માણસોને બેકાર બનાવીને ગરીબી અને ભૂખમરામાં ધકેલી દે છે. આ અન્યાયી વ્યવસ્થા નીચે પાંચ દસ વીઘાના ખેડૂતોએ જીવતા રહેવું એ જ જાણે ગેરકાયદેસર ગણાવા માંડયું છે.

સૌથી જોખમી બાબત એ છે કે આજની તમામ કેળવણી, સ્કૂલો, કોલેજો, એન્જિનિયરિંગ કોલેજો તમામ મેનેજમેન્ટ સ્કૂલો વગેરે વિકાસની આ ગેરવ્યવસ્થાને વ્યાજબી ઠેરવવા માટે, તેના ગુણગાન ગાવા માટે, તેના હિમાયતીઓ પેદા કરવા માટે અને વિકાસની આ ભયાનક વ્યવસ્થા ચલાવવા માટે જરૂરી અનર્થશાસ્ત્રીઓ પેદા કરવા માટે જ છે. એટલે આજે સમાજમાં લાખોને લાખો માણસો આજના વિકાસની વ્યવસ્થાના હિમાયતીઓ છે અને લાખો ને લાખો માણસો આ અન્યાયી વ્યવસ્થા નિભાવી રાખવા માટે કામ કરે છે. એટલે જો તમને આજના વિકાસનું દુષ્ટરૂપ સમજાય જાય અને તમે તેનો વિરોધ કરો તો તમારો વિરોધ કરનારા લાખો ભણેલા માણસો નીકળી પડશે અને તમને જુનવાણી, વિકાસ વિરોધી ગણીને ધુત્કારી કાઢશે. કારણ કે આજની કેળવણી અનર્થશાસ્ત્રીઓ પેદા કરવાનું જ કામ કરે છે. એટલે જો આ દેશને યોગ્ય માર્ગે વાળવો હોય તો સૌથી પહેલાં કેળવણીને યોગ્ય માર્ગે વાળવી જરૂરી છે. એટલે કે આજની કેળવણી તાત્કાલિક બંધ કરવી જરૂરી છે, અને દેશનાં ગામડાં કેમ વિકસે, સમતોલ અને સાચો વિકાસ ગૃહઉદ્યોગો અને ગ્રામઉદ્યોગો મારફત કેમ થાય, ટ્રાન્સપોર્ટની જરૂરિયાત ઓછામાં ઓછી કેમ થાય, બધાને સ્વતંત્ર ધંધા રોજગાર મારફત કમાણી કેમ મળે, કરોડપતિઓ અને અબજોપતિઓ કેમ નાબૂદ થાય, આમ જનતાની શક્તિ કેમ વધે, સ્વતંત્રતા કેમ સચવાય, ધર્મ, અધ્યાત્મ અને સંસ્કૃતિ કેમ સચવાય એ અંગેનું વ્યવહારું જ્ઞાન આવરી

લેતી નવી જ કેળવણી ઊભી કરવી પડશે. જેમાં અર્થશાસ્ત્ર આજના અનર્થશાસ્ત્રથી સાવ જ ઊલટું હશે. કેળવણીની નવી રચના ગાંધીજીના વિચારો પ્રમાણે જ કરવી પડશે, જેમાં નીચેનાં વાક્યો ધ્રુવવાક્યો રહેશે.

૧. 'મનુષ્યની પ્રાથમિક જરૂરિયાતના ઉત્પાદનના તમામ સાધનો આમ પ્રજાના હાથમાં હોવા જોઈએ. તો જ પ્રજા સુખી થઈ શકે.' એટલે કેળવણીમાં નાના ગૃહઉદ્યોગોને જ પ્રાધાન્ય મળે અને વીજળીનું ઉત્પાદન પણ સાવ નાના પાયે ગામે ગામ થાય તે પ્રમાણેની કેળવણી નવેસરથી રચવી પડશે.

૨. 'જગતમાં ચાલતી તમામ આર્થિક અંધાધુંધી સ્વદેશીના જગંમાંથી જન્મે છે.' એટલે સ્વદેશીના પાયા ઉપર આખી અર્થવ્યવસ્થા ગોઠવવી પડશે જેથી અબજો રૂપિયા ક્યાંય ભેગા કરવાના રહે જ નહીં અને કૌભાંડો અને આર્થિક અંધાધુંધીની શક્યતા જ ના રહે.

ઉપર મુજબની કેળવણી કેવી હોય અને તે કેવી રીતે અપાવી જોઈએ અને તેમાંથી કેવા સુંદર પરિણામો આવી શકે અને દેશનો ઉદ્ધાર કરનારા કેવા માણસો પેદા થઈ શકે તે ગાંધીજીએ અનેક લેખો અને ભાષણોમાં સમજાવ્યું છે જેની વિગત ગાંધીજીના કેળવણીના ચાર પુસ્તકોમાં સંઘરાયેલી છે. (૧) ખરી કેળવણી (૨) પાયાની કેળવણી (૩) કેળવણીનો કોયડો (૪) ગાંધીજીનું શિક્ષણ દર્શન.

આપણા દેશનું દુર્ભાગ્ય છે કે આજની યુનિવર્સિટીઓમાંથી જે ગ્રેજ્યુએટો, વિજ્ઞાનીઓ, એન્જીનિયરો, ડૉક્ટરો, વકીલો, સમાજશાસ્ત્રીઓ વગેરે નીકળે છે તે બધા જ દેશની આમ પ્રજાને નીચોવીને અબજપતિઓના ઘર ભરવાના એજન્ટો તરીકે કામ કરે છે. જે યુવતીઓ ભણીને નીકળે છે તે પોતાનું સ્ત્રીત્વ અને પોતાનો સ્વધર્મ ભૂલીને જીન્સની વિકૃતિથી પીડાતી યુરોપીયન મેડમોની નકલ કરવામાં અને કૃત્રિમ પુરુષ બનીને લૂંટારું કંપનીઓમાં ગુલામી કરવામાં સાર્થકતા અને ગૌરવ અનુભવે છે અને ભારતીય સંસ્કૃતિની કતલ કરવાનું પાપ વ્હોરી લ્યે છે. છેલ્લા ૬૬ વરસથી કેળવણીની આર્થિક અને સાંસ્કૃતિક ગુલામી આ દેશ પર ઠોકી બેસાડવામાં મુખ્ય ભાગ ભજવ્યો છે. જો આજની કેળવણી હજી પણ ચાલુ રહેશે તો હિન્દુસ્તાનની પ્રજાનો તેમાં નિશ્ચિત વિનાશ રહેલો છે. પછી ગુલામી એટલી વધશે કે આ દેશનો કબજો કરી કાયમી વસવાટ માટે આપણા દેશમાં યુરોપીયનોનાં ધાડાં ઉતરી આવશે અને તેના ગુલામો તરીકે દેશના માણસો કામ કરવામાં ગૌરવ અનુભવશે. આમ હિન્દુસ્તાન પોતાનો આત્મા ખોઈ બેસશે.

તો આ દેશની જરાક પણ ચિંતા હૃદયમાં હોય તેમણે આજની ગુલામીની કેળવણી તત્કાળ બંધ કરીને સ્વરાજની કેળવણીની એટલે કે ગાંધીજીની કલ્પના મુજબની કેળવણીની માંગણી કરવી જોઈએ. ગાંધીજી કહી ગયા છે કે ''ખરી કેળવણી વિના સર્વ પ્રયાસ મિથ્યા છે.'' આ વાક્ય ૬૬ વરસમાં સાર્થક થઈ ચૂક્યું છે. નવી તાલીમને નામે જે કાંઈ ચાલ્યું તેમાં ગાંધીજીના વિચારો પ્રમાણે ખાસ કાંઈ થયું જ નથી. ગુજરાત વિદ્યાપીઠ જેવી સંસ્થા સુદર્શન આયંગાર જેવા ઋષિ પુરુષના હાથમાં હોવા છતાં તે યુનિવર્સિટી ગ્રાન્ટ કમીશનની કહ્યાગરી ગુલામડી બની ગઈ છે. ત્યાં ગાંધીજી પ્રેરિત નરહરિ અમીનનું માનવ અર્થશાસ્ત્ર ભણાવી શકાતું નથી અને લૂંટારાઓના ભાડૂતી માણસોએ લખેલું અર્થશાસ્ત્ર (ખરેખર અનર્થશાસ્ત્ર) ભણાવવું પડે છે. એટલે નવેસરથી ગાંધીજીના કેળવણીના વિચારો સમજીને ઉદ્યોગ દ્વારા જ કેળવણી આપવાની શરૂઆત કરવી ઘટે છે.

- વેલજીભાઈ દેસાઈ

❖ ❖ ❖ ❖ ❖

વિકાસ : ગુલામી, ગરીબી અને ગુનાખોરીનો

આપણો દેશ વિકાસના પંથે છે. પરંતુ વિકાસ કોનો? વિકાસ કેવો અને કોના માટે છે? આ બરાબર સમજી લેવું જોઈએ. વિકાસ એટલે વિકસતા જવું, વધતા જવું. તો શું વધતું જાય છે એ બરાબર સમજી લઈએ.

૧. અમલદારશાહી સતત વધતી જાય છે. જનતા ઉપર તેનો ત્રાસ વધતો જાય છે. આમ જનતાની પજવણી વધતી જાય છે. લોકોની લાચારી વધતી જાય છે. લોકોની, વેપારીઓની કનડગતના કાયદા વધતા જ જાય છે. સરકારી અધિકારી વધતા જ જાય છે. સરકારી નોકરોના પગાર, સુખ-સગવડો, પેન્શન વગેરે ખૂબ ઝડપે વધતાં જ જાય છે. એમના ખર્ચા બેફામ વધતા જાય છે. એ બધાનો જનતા ઉપરનો ભાર સતત વધતો જાય છે, જનતાનું આર્થિક અને માનસિક શોષણ ભયજનક ઝડપે વધતું જાય છે. જનતા ઉપર લદાયેલી ગુલામી તીવ્ર વેગે વધતી જાય છે. તો વિકાસ ફક્ત અમલદારશાહીનો છે.

૨. સરકારના બજેટો મોટાં ને મોટાં થતાં જાય છે. કરવેરા સતત વધતા જાય છે. પરિણામે મોંઘવારી વધતી જાય છે. સરકારની આવક અનેક ગણી વધતી જાય છે અને તેમાંથી વેડફાડ વધતો જાય છે. લાખોના નહીં, કરોડોના હિસાબે કૌભાંડો વધતાં જ જાય છે. સતત મોટાં થતાં બજેટોનાં વધુને વધુ ખર્ચ સરકારી નોકરો માટે અને અતિ ધનાઢ્ય માણસો અને બહુરાષ્ટ્રીય કંપનીઓને કાજે વધતા જ જાય છે. તો વિકાસનું આ સાચું સ્વરૂપ છે, જેમાં આમ જનતાનો વિનાશ નિશ્ચિત છે.

૩. દેશમાં અબજપતિઓ ભયજનક ઝડપે વધતા જાય છે. દેશમાંથી ચૂસાયેલી તેમની સંપત્તિ અનેક ગણી વધતી જાય છે. તે સંપત્તિની મદદથી તેઓ વિકાસના નામે મોટા મોટા કારખાનાં સ્થાપતા જાય છે. આવા એક એક પ્રોજેક્ટ માટે ૨૦-૨૫ ગામ ખાલી કરાવે છે. ખેડૂતોની જમીનો ખૂંચવી લઈને તેમને ખદેડી મૂકવામાં આવે છે. આવો અમાનુષી ત્રાસ અને અન્યાય વધતો જાય છે. છતાં સરકાર તેને વિકાસ ગણે છે.

૪. નેતાઓની નફટાઈ વધતી જાય છે. તેમના અંગત સ્વાર્થ, સત્તાલાલસા અને મહત્ત્વાકાંક્ષીઓ વધતા જ જાય છે. જનતાને મૂર્ખ બનાવવાનો તેમનો

વિશ્વાસ સતત વધતો જાય છે. તેમના પોલા વચનોમાં રહેલા દંભ અને અસત્ય વધતા જાય છે. તેમના વૈભવ-વિલાસ વધતા જાય છે. દેશની જનતા પ્રત્યેની તેમની બેજવાબદારી સતત વધતી જાય છે. પ્રમોદ મહાજનો તથા રાહુલ મહાજનો બધા પક્ષોમાં વધતા જાય છે. તો વિકાસ આ બધા નેતાઓનો થાય છે, કરોડોની આમ જનતાને ભોગે.

૫. દેશમાં અન્યાય અને ત્રાસનું સામ્રાજ્ય વધતું જાય છે. દેશની કોર્ટોમાં કેસ વધતા જાય છે. એમ કરતા અત્યારે અઢી કરોડ કેસ વિવિધ અદાલતોમાં પડતર છે. જેના નિકાલ માટેનો સમય લાંબો અને લાંબો થતો જાય છે. એક અંદાજ મુજબ આ બધા કેસોની પતાવટ થતાં ૩૦૦ વરસ લાગશે. એટલે ન્યાયના નામે આ દેશમાં મીંડું છે. એટલે કે સરકાર કે અબજપતિઓ કે ગુનાહિત તત્ત્વો લોકોને ગમે એટલો અન્યાય કરે, મિલ્કતો ખૂંચવી લ્યે, માણસોને મારી નાખે, તો પણ ક્યાંય ન્યાય મળતો નથી. કોર્ટો ફક્ત અબજપતિઓ અને ધનવાન માટે જ કામ કરે છે. આવી અરાજકતા દુનિયાના કોઈ દેશમાં નથી. છતાં લોકશાહી અને વિકાસના ભરપૂર ગુણગાન ગવાય છે. તો વિકાસ ફક્ત અન્યાય, અસત્ય અને દંભનો છે.

૬. કાયદો અને વ્યવસ્થા સરકાર પૂરતી સખત બનતી જાય છે. પરિણામે આમ જનતાના જાનમાલની સલામતી જોખમાતી જાય છે. આમ જનતાની સ્વતંત્રતા તો ક્યારની નાશ પામી છે. ગરીબી અને બેકારીમાંથી જન્મતી ગુનાખોરી વધતી જાય છે. ખૂન, લૂંટ, ધાડ, બળાત્કાર, આપઘાત વગેરેની સંખ્યા ઝડપથી વધતી જાય છે. અસુરક્ષા વધતી જાય છે. ગુંડાગીરી, ભય, આતંક વધતા જાય છે. આ દૂષણો ડામવાને બહાને સરકાર પોતાની સત્તા વધારતી જાય છે, જે ઘણે અંશે વધારે નિર્દોષ માણસોને હેરાન કરવામાં પરિણમે છે. જેલો વધતી જાય છે. જેલોમાં રહેલા કેદીઓની સંખ્યા વધતી જાય છે. વગર વાંકે જેલમાં વરસો વિતાવનાર નિર્દોષ કેદીઓની ટકાવારી વધતી જાય છે. તેથી કોર્ટોમાં કેસ વધતા જાય છે. તેથી સરકાર પ્રત્યેનો અવિશ્વાસ સતત વધતો જાય છે. આ રીતે સર્વત્ર અંધકાર અને અરાજકતા વધતા જાય છે. તો આ વિકાસ છે કે વિનાશ?

૭. મોંઘવારી સતત વધતી જાય છે. તમામ ચીજોના ભાવો આસમાને જતા જાય છે. સતત વધતા જતા કરવેરાને કારણે તથા સટ્ટાખોરીને સરકારે આપેલી સગવડને લીધે ચીજવસ્તુના ભાવો ભડકે બળે છે. તેથી ગરીબી, ભૂખમરો અને બેકારી સતત વધતા જાય છે. મધ્યમવર્ગ વધુને વધુ ભીંસાતો જાય છે અને ઝડપથી ગરીબી તરફ ધકેલાતો જાય છે. ૩ થી ૪ કરોડ નાના દુકાનદારો અને વેપારીઓનો કચ્ચરઘાણ કાઢનારી અબજોપતિઓના મોલોની વ્યવસ્થા પૂર ઝડપે અમલમાં મુકાઈ રહી છે, છતાં આ કરોડો વેપારીઓ પોતાના મોતના મોલ બંધાતા સાવ નિર્લેપ ભાવે ફાટી આંખે જોઈ રહ્યા છે. તેમની લાચારી અને ગુલામી પરાકાષ્ઠાએ પહોંચી ગઈ છે.

૮. શિક્ષણમાંથી અંધેર વધતું જ જાય છે. સ્કૂલોમાં ફી મોંઘી થતી જાય છે. પુસ્તકો વધતાં જાય છે. દફતરનો ભાર બાળકના ગજા બહાર વધી ગયો છે. ટ્યુશનનો ભાર અને માર વધતો જાય છે. અંગ્રેજી માધ્યમની માયાજાળ વધતી જાય છે. બાળકો ઉપર ભણતરનો અને માબપનો ત્રાસ વધતો જાય છે. કોલેજો અને યુનિવર્સિટીઓના પ્રોફેસરોના પગાર અનહદ વધતા જાય છે. તેમના દ્વારા અપાતું શિક્ષણ વધુને વધુ બિનઉપયોગી અને નિરર્થક સાબિત થતું જાય છે. ભણેલા બેકારોની વણઝાર સતત વધતી જાય છે. કોલેજના છોકરા-છોકરીઓ છાકટા અને બેજવાબદાર બનતા જાય છે. ચારિત્ર્ય અને નીતિ સદાચારનો લોપ ઝડપથી વધતો જાય છે. વિમલાતાઈનું વાક્ય ''આપણી તમામ શિક્ષણ સંસ્થાઓ આપણી સંસ્કૃતિના કતલખાનાં છે'' એ વધુને વધુ સાર્થક પૂરવાર થતું જાય છે. વિકાસનું આ શિક્ષણ આખા સમાજને ઝડપથી વિનાશ તરફ ધકેલી રહ્યું છે.

૯. સંસ્કૃતિનો નાશ ઝડપથી થઈ રહ્યો છે. ટીવીમાં નગ્ન અને બીભત્સ દ્રશ્યો સતત વધતા જાય છે. નાગી થઈને નાચનારી વેશ્યાઓના માનપાન વધતાં જાય છે. હિંસક દ્રશ્યો સતત વધતાં જાય છે. તેનો ભોગ આમ જનતા બની રહી છે. અશ્લિલતા, હિંસા, ગુંડાગીરીનું શિક્ષણ ટીવી મારફત ભયાનક વેગે વધી રહ્યું છે. તેથી સમગ્ર સમાજનો વિનિપાત વધી રહ્યો છે. આ વિકાસ છે કે વિનાશ?

૧૦. ગરીબી વધવાથી આરોગ્ય જોખમાયું છે. ગરીબ વર્ગમાં રોગો વધતા જ જાય છે. દવાઓ અને ડૉક્ટરો સતત મોંઘા થતા જાય છે. તેથી ગરીબ વર્ગ અને અમીરવર્ગમાં પણ આરોગ્ય જોખમાયું છે. બેઠાડું જીવનના રોગો- ડાયાબિટિસ, હૃદયરોગ, ટેન્શન, બ્લડપ્રેશરથી માંડી અનેક જોખમી રોગો સતત વધી રહ્યા છે. તેથી તેમના માટે અનેક ડૉક્ટરો અને હોસ્પિટલોની માયાજાળ વધી રહી છે. રોગી શરીરમાં મન પણ રોગી હોય છે. સ્વસ્થ શરીર અને સ્વસ્થ મન વગર સ્વસ્થ વિચારો ક્યાંથી આવે? તો આપણો વિકાસ આપણને ક્યાં લઈ જઈ રહ્યો છે?

૧૧. શહેરોની વસ્તી વધતી જ જાય છે. તેમની ઝાકમજાળ વધતી જ જાય છે. તેમાં ધનાઢ્ય માણસોના બંગલા વધતા જાય છે. તેનાથી વધારે ઝડપે ઝૂંપડપટ્ટીઓ વધતી જાય છે. રસ્તાઓ ઉપર મોંઘીદાટ મોટરકારો વધતી જાય છે. પરિણામે ગરીબ માણસોને રસ્તા ઉપર ઊભીને કે બેસીનેપેટિયું રળવાનો ત્રાસ વધતો જાય છે અને પોલીસ તેમનું સર્વસ્વ ઝૂંટવી લ્યે અને ખદેડી મૂકે તેવા કિસ્સા વધતા જાય છે. બિલકુલ બિનજરૂરી હેલ્મેટનો ત્રાસ ખૂબ જ વધી ગયો છે અને તેના બહાને લાંચરૂશ્વત ખૂબ વધતી જાય છે. જમીનોના ભાવો વધતા જ જાય છે. ભાવ વધવાનો વેગ અતિ ઝડપે વધતો જાય છે. તેની મધ્યમ વર્ગને ઘરનું ઘર બનાવવાનું સ્વપ્ન દૂર ને દૂર ધકેલાતું જાય છે. શહેરોમાં ધનવાનોના વૈભવ વિલાસની સગવડો વધતી જાય છે. સાથે સાથે સામાન્ય પ્રજાની હતાશા અને નિરાશા વધતા જાય છે. આ તે વિકાસ છે કે વિનાશ?

૧૨. ક્રિકેટ જેવી બાબતોમાં કરોડો રૂપિયાના ખર્ચા વધતા જાય છે. તેને રવાડે આખા દેશના યુવાનોને ચડાવીને દેશનું તેજ હણવાનાં કાવતરાં વધતાં જાય છે. બહુરાષ્ટ્રીય કંપનીઓના એજન્ટો એવા દેશદ્રોહી ક્રિકેટરો જ દેશના સાચા ઉદ્ધારકો હોય તેવા ક્રિકટરોનો ઉપયોગ જાહેર ખબરોમાં કરીને બહુરાષ્ટ્રીય કંપનીઓ લૂંટ વધારતી જ જાય છે. અને દેશનું ધન વધુને વધુ વિદેશોમાં ઢસડાતું જાય છે. આવી ઉઘાડી લૂંટને પણ આપણે વિકાસ ક્યાં સુધી ગણ્યા કરીશું?

તો હે ભારતવાસી ભાઈબહેનો જાગો અને બીજાને જગાડો, સંગઠિત બનો, મંડળો રચો, વિરોધ કરો, છાપાને લખો, સરકારને લખો, ઠરાવો કરો, નિર્ણયો કરો, મોરચા કાઢો, રેલી કાઢો, પ્રદર્શન કરો, નેતા તથા કાર્યકરોને મળો, તમારી લાગણી અને માગણી સમજાવો. અહિંસક સંઘર્ષ માટે તૈયાર થાઓ. જો આ નહીં કરો તો ખોવાઈ જશો, ખલાસ થઈ જશો. ખરેખર તો ૭૦ ટકા વસ્તી ખલાસ થઈ ચૂકી છે. તમે અંધારામાં છો.

આપણને સતત ૬૬ વરસથી મૂર્ખ બનાવવામાં આવ્યા છે, છેતરવામાં આવ્યા છે, વિકાસનું મૃગજળ બતાવીને લૂંટવામાં આવ્યા છે, ગુલામ બનાવવામાં આવ્યા છે. આમ જનતા માટે વિકાસ છે ફક્ત ગુલામીનો, ગરીબીનો અને ગુનાખોરીનો. આ વિકાસને નગ્ન સ્વરૂપમાં ઓળખી લ્યો. નેતાઓના જુઠ્ઠાણાઓથી દોરાવવાનું બંધ કરો. તેમને સાચું કહેતાં શીખો. વિકાસના ખોટા ખ્યાલ ફેંકી દો. આ વિકાસ નથી પણ ગુલામી છે. ગુલામીમાંથી બહાર નીકળવાનો સંકલ્પ કરો. સ્વરાજ આપણો જન્મસિદ્ધ અધિકાર છે.

- વેલજીભાઈ દેસાઈ

❖ ❖ ❖ ❖ ❖

પેટ્રોલિયમ ખૂટયું જાણજો

પેટ્રોલિયમનો યુગ આથમવાની તૈયારીમાં છે. આ બાબતમાં ડેવીડ સ્ટ્રેહાન નામના લંડનના નિષ્ણાત માણસે વરસો સુધી પેટ્રોલિયમ કંપનીઓનો અભ્યાસ કરીને હમણાં THE LAST OIL SHOCK (પેટ્રોલિયમનો છેલ્લો ઝટકો)- નામનું પુસ્તક લખ્યું છે. પુસ્તકમાં પેટ્રોલિયમના શારકામ અને વપરાશ બાબતમાં પ્રચુર માહિતી આપવામાં આવી છે. તેનો થોડોક સાર આપણે જોઈ જઈએ.

૧. **આજે દૈનિક ૮ કરોડ બેરલથી થોડુંક** વધારે પેટ્રોલિયમ ધરતીમાંથી નીકળે છે.

૨. હવે પેટ્રોલિયમનું ઉત્પાદન વધી શકે એવી કોઈ શક્યતા રહી નથી. મોટા ભાગની કંપનીઓ ઉત્પદાનની ટોચે પહોંચી ગઈ છે અને આ બધી કંપનીઓના ઉત્પાદનો ઘટવાની તૈયારીમાં છે. સને ૧૯૫૦ પછી ઝડપથી પેટ્રોલિયમનું શારકામ (ડ્રીલીંગ) વધ્યું. ત્યારે એવી સ્થિતિ હતી કે પૃથ્વીનું પેટાળ વિંધો કે તરત જ પેટ્રોલિયમનો ફૂવારો ઉડે. ખૂબ દબાણથી પેટ્રોલિયમ આવતું અને વરસો સુધી ફૂવારો ચાલુ જ રહેતો. પછી ઘણું પેટ્રોલિયમ ઉલેચાયા પછી પંપ ચલાવીને કાઢવું પડે એવી સ્થિતિ આવી. હવે ખૂબ ઉંડે સુધી બોરીંગ કરવું પડે છે ત્યારે પેટ્રોલ મળે છે. પહેલા દરેક કૂવો ૨૦ વરસ સુધી ચાલતો. હવેના કૂવા પાંચ વરસમાં ડૂકી જાય છે. તેથી નવી જગ્યાએ બોરીંગ કરવું પડે છે. આ રીતે સતત ખર્ચ વધતો જાય છે, છતાં પૂરતું પેટ્રોલિયમ મળતું નથી. એટલે નિષ્ણાતો સમજે છે કે પેટ્રોલિયમનું ઉત્પાદન હવે સતત ઘટાડા તરફ જઈ રહ્યું છે.

૩. પેટ્રોલિયમનો વપરાશ સતત વધતો જ જાય છે. અત્યારે દૈનિક વપરાશ ૮ કરોડ બેરલથી થોડોક વધારે છે. આ વપરાશ ઘટી શકે એવી કોઈ શક્યતા નથી. એટલું જ નહીં, વપરાશમાં જે વધારો થઈ રહ્યો છે તે વધારો અટકાવી શકાય કે ઘટાડી શકાય એવી પણ કોઈ શક્યતા નથી. દરેક દેશને વિકાસની ધૂન છે અને આ ધૂનનું પરિણામ પેટ્રોલિયમના વપરાશના વધારામાં જ પરિણમે છે. પેટ્રોલિયમનો ૯૦ ટકા વપરાશ ફક્ત ટ્રાન્સપોર્ટ માટે જ છે. એટલે કાર, રેલવે, વિમાનો ચલાવવા માટે જ છે. કારખાના, વીજળી ઉત્પાદન વગેરેમાં પાંચ-દસ ટકાથી વધારે વપરાશ નથી.

૪. આ સત્ય હકીકત દરેક પેટ્રોલિયમ કંપની સમજે છે. છતાં બધી કંપનીઓ ખોટું બોલે છે. જો સત્ય જાહેર કરે તો તેમની કંપનીઓના શેરના ભાવ તરત જ તૂટી જાય. એટલે કંપનીઓ વાર્ષિક સાધારણ સભામાં અને વૈશ્વિક પરિષદોમાં પણ ખોટા આંકડા આપીને દુનિયાને મૂર્ખ બનાવે છે. એ જ રીતે મોટા ભાગની સરકારો પણ સત્ય કહેવા તૈયાર નથી. પોતાના દેશમાં અસ્થિરતા સર્જાય તો પોતાની રાજકીય સ્થિતિ જોખમાય. તેથી જેમ ચાલે છે એમ ચાલવા જેવું એ જ અભિગમ દરેક સરકારનો છે.

૫. પરંતુ વાસ્તવિક્તા વિકરાળ પરિસ્થિતિ તરફ ઝડપથી ધસી રહી છે. વપરાશ સતત વધે જ છે અને ઉત્પાદન સતત ઘટાડા તરફ જઈ રહ્યું છે. એટલે પેટ્રોલિયમની તંગી સર્જાયા વગર રહેશે જ નહીં. ઉત્પાદન કરતાં વપરાશ પાંચ ટકા જેટલું વધી જશે કે તરત જ એકાએક પેટ્રોલિયમનો ઝટકો દુનિયા અનુભવશે. જેવી જરાક પણ પેટ્રોલની તંગી ઊભી થઈ કે તરત જ લોકો બેબાકળા થઈને પેટ્રોલ સંઘરવા તરફ વળશે. એટલે એકાએક બજારમાં માંગ દોઢી બમણી થઈ જશે. તેને પહોંચવું અશક્ય થઈ પડશે. એટલે પેટ્રોલ પંપો ઉપર લાઈનો લાગશે, ૫-૭ કિલોમીટર લાંબી લાઈનમાં કારના માલિકે ઊભા રહેવું પડશે. કીડી વેગે આગળ ચાલતી લાઈનમાં છ કલાકે વારો આવશે ત્યારે પેટ્રોલ પંપનો માણસ કહેશે ''પાંચ લિટરથી વધારે કોઈને નહીં મળે.''

૬. પેટ્રોલિયમનો આ ઝટકો ૨૦૧૨ થી ૨૦૨૦ સુધીમાં ગમે ત્યારે આકસ્મિક આવવાની ડેવિડ સ્ટ્રેહાનની ગણતરી છે. આ પેટ્રોલિયમનો ઝટકો છેલ્લો હશે. એટલે કે અમેરિકાનો તેમાં નાશ થઈ જશે. તરત જ અવ્યવસ્થા સર્જાશે. ખોટી રમખાણો ફાટી નીકળશે (અમેરિકાના કોઈ ઘરમાં એક અઠવાડિયાનું અનાજ હોતું નથી.) લૂંટ, મારામારી, ખૂનોની પરંપરા સર્જાશે અને અમેરિકાનું તેનું સૌથી ખરાબ ભોગ બનશે.

૭. વિજ્ઞાન અને ટેક્નોલોજીમાં આંધળાભીત થયેલા લોકો દલીલો કરે છે પેટ્રોલ ખૂટશે ત્યાં તો અનેક નવી શોધ થશે. પાણીથી જ કાર ચાલશે! બાયોડીઝલથી વાહનો ચાલશે વગેરે. ડેવિડ સ્ટ્રેહાને આ બધી શક્યતાઓ ખૂબ ઉંડાણથી તપાસીને દુનિયાભરના આંકડાકીય દસ્તાવેજો ટાંકીને

પુરવાર કર્યું છે કે કોઈપણ વિકલ્પ શક્ય નથી. બાયોડીઝલ, ઇલેક્ટ્રીક કાર, સૂર્યશક્તિ, પવન ઊર્જા વગેરેની તલસ્પર્શી છણાવટ કરીને એ એવા નિષ્કર્ષ પર પહોંચ્યા છે કે પેટ્રોલિયમનો કોઈ જ વિકલ્પ શક્ય જ નથી. ટ્રાન્સપોર્ટ બંધ થાય કે સાવ ઓછું થાય એ જ એનો ઉકેલ. આના ઉપરથી મને ગાંધીની એક ટીકા યાદ આવી. તેમણે કીધું છે કે સુધારાનું આ વાવાઝોડું ૧૦૦-૧૫૦ વરસમાં જગત ઉપરથી પસાર થઈ જશે. ત્યાર પછી પહેલાની જેમ જ ખેડૂત પોતાના હળ અને બળદથી ખેતી કરતો હશે. ગાંધીજીએ આ આગાહી કર્યાને ૧૦૦ વરસ થયાં છે. હવે પચ્ચીસેક વરસમાં જ સાચી સાબિત થશે, એવું લાગે છે.

અમેરિકાના વિકાસને રવાડે ચડીને જે વિકાસશીલ દેશોએ મોટા મોટા શહેરો વિકસાવ્યા છે તેની દશા પણ વધતે ઓછે અંશે અમેરિકા જેવી જ થશે. જો કે આપણા દેશમાં આખા વરસનું અનાજ, કઠોળ, કરિયાણું સંઘરી રાખવાનો રિવાજ છે, એટલે રાંધણગેસ અને પાણી મળતું હશે ત્યાં સુધી શહેરો જીવતા રહી જશે. પરંતુ અર્થ વ્યવસ્થા તૂટી પડવાથી લાખો માણસો ગુજરાનનું સાધન-નોકરી, ધંધા વગેરે ગુમાવશે અને અનેક નવા ધંધા નવી પરિસ્થિતિમાંથી પેદા પણ થશે.

આપણા ગામડાને જરાપણ અવળી અસર નહીં થાય. ઊલટું ટ્રાન્સપોર્ટને કારણે બધી સમૃદ્ધિ શહેરોમાં ખેંચાઈ જાય છે તે બચી જશે. તેથી ગામડામાં સોંઘવારી ઉત્પન્ન થશે. અનાજ, કઠોળ, દૂધ સહેલાઈથી મળતાં થશે. કાપડ જેવી ચીજો શહેરોમાંથી આવતી હશે તેની તંગી સર્જાશે અથવા મોંઘી થશે. જે ગામ આ સમજે તેમણે ગાંધીજીની સલાહ પ્રમાણે સ્વદેશી આર્થિક વ્યવસ્થાઓ મજબૂત કરવા તરફ આજથી જ લાગી જવું જોઈએ.

- વેલજીભાઈ દેસાઈ

❖ ❖ ❖ ❖ ❖

સાચો વિકાસ આવો હોઈ શકે ?

આજનો વિકાસ આમ પ્રજાને માટે વિનાશકારી છે. મુઠ્ઠીભર અબજપતિઓ માટે જ તે છે. વળી, પેટ્રોલિયમનો યુગ આથમવાની તૈયારીમાં જ છે. તો આજના વિકાસનો વિકલ્પ શું હોઈ શકે તે સ્વાભાવિક સવાલ છે. આ બાબતમાં ઘણા જુદા જુદા મત હોઈ શકે. મારી સમજ પ્રમાણે સાચો વિકાસ નીચે પ્રમાણે હોઈ શકે.

૧. જે ચીજ ગૃહઉદ્યોગ કે ગ્રામ ઉદ્યોગથી બની શકે તે મોટી કંપનીઓ દ્વારા બનાવવા પર પ્રતિબંધ હોવો જોઈએ. એટલે ઉત્પાદનના કેન્દ્રો ગામડામાં જ હોવા જોઈએ. ગામડા સ્વાવલંબી, તેજસ્વી અને આર્થિક રીતે સદ્ધર હોવા જોઈએ. ગામડા યુરોપના જેવા આકર્ષક અને નંદનવન બનવા જોઈએ.

૨. જમીન, જંગલ, પાણી, નદી વગેરે કુદરતી મિલકતો ગામની માલિકીની ગણાશે, સરકારની નહીં હોવી જોઈએ. તેથી કોઈપણ કારણસર સરકાર ફરજીયાત પણે ખેડૂતની જમીન આંચકી શકશે નહીં. **જમીન સંપાદનનો કાયદો જ નાબૂદ થવો જોઈએ.**

૩. ગાંધીજીની ઈચ્છા પ્રમાણે દરેક ગામ સંપૂર્ણ પ્રજાસત્તાક હોવું જોઈએ. ગામડા ઉપર સરકારનો કોઈ જ અંકુશ ના હોવો જોઈએ. ગ્રામસભાને લોકસભાની કાયદા ઘડવાની સત્તા તથા સુપ્રીમ કોર્ટની ન્યાયની તમામ સત્તા આપી દેવી જોઈએ.

૪. જીવન જરૂરિયાતની ચીજો ઉપરના તમામ કરવેરા કાઢી નાખવા જોઈએ. ધનવાનો પાસેથી સીધા જ કરવેરા લેવા જોઈએ. તે સિવાયના તમામ કરવેરા નાબૂદ થવા જોઈએ.

૫. સરકારી બજેટ વસ્તીના પ્રમાણમાં ગામ સુધી તથા શહેરની શેરીઓ સુધી વહેંચી દેવું જોઈએ. તેમાંથી લોકોએ જાતે જ પોતાના વિકાસ કાર્યો કરવા જોઈએ.

૬. વિદેશી કંપનીઓ ઉપર તત્કાળ પ્રતિબંધ મૂકીને તેવી કંપનીઓ દેશ નિકાલ થવી જોઈએ.

૭. જીવન જરૂરી ચીજોના ઉત્પાદન, વેચાણ માટે મોટી કંપનીઓ ઉપર પ્રતિબંધ હોવો જોઈએ.

૮. ઔદ્યોગિક રાહતો કે સબસીડીઓ પર સંપૂર્ણ પ્રતિબંધ થવો જોઈએ.

૯. સંપત્તિની ટોચ મર્યાદા હોવી જોઈએ. પાંચ કરોડથી વધારાની સંપત્તિ ગરીબોના ઘર બાંધવા વાપરવી જોઈએ.

૧૦. શહેરના ધનવાનો ગામડામાં ખેતીની જમીન ખરીદી શકે નહીં. **ખેડે તેની જમીનના કાયદા કડક થવા જોઈએ.**

૧૧. આખા દેશમાં સંપૂર્ણ દારૂબંધી થવી જોઈએ. તેનો ભંગ કરનારને બહેનોના મંડળો સજા ફરમાવે.

૧૨. **ગાય, બળદની કતલ તથા માંસની નિકાસ ઉપર સંપૂર્ણ પ્રતિબંધ થવો જોઈએ.**

૧૩. લોટરી, જુગાર, ગુટખા, ક્રિકેટ ઉપર પ્રતિબંધ થવો જોઈએ.

૧૪. ટીવી ઉપરની જાહેરખબરો પર પ્રતિબંધ. ભારતીય સંસ્કૃતિ વિરુદ્ધના દ્રશ્ય માટે ફાંસીની સજા. ટીવી, સિનેમા, ક્રિકેટ જેવી હાનિકારક બાબતોને સરકારનું કોઈપણ પ્રોત્સાહન ના મળવું જોઈએ.

૧૫. શિક્ષણમાં સરકારી દખલગીરીની મનાઈ થવી જોઈએ. શું ભણાવવું, કેમ ભણાવવું તે લોકો તથા શિક્ષકો જ નક્કી કરે. શિક્ષકો પોતાની સ્કૂલ કાઢી શકે. ઘર શાળા સ્થાપવાની છૂટ દરેકને હોવી જોઈએ. રૂા. ૫૦૦૦/-થી વધુ ફી લેતી સ્કૂલોએ પોતાની સ્કૂલમાં ૫૦ ટકા બાળકો ગરીબો, હરિજનોનાં મફત ભણાવવાં જોઈએ.

૧૬. **અંગ્રેજી ભાષાને તત્કાળ હટાવીને દેશમાં હિન્દી તથા રાજ્યોમાં પ્રાન્તીય ભાષાઓમાં જ તમામ વ્યવહારો થવા જોઈએ.** શિક્ષણનું માધ્યમ એન્જીનિયરીંગ અને મેડિકલ કોલેજો સહિત તમામ જગ્યાએ માતૃભાષામાં જ હોવું જોઈએ. (દુનિયાના કોઈ પણ વિકસિત દેશમાં અંગ્રેજી માધ્યમની એકપણ સ્કૂલ નથી.)

૧૭. સુપ્રીમ કોર્ટ સુધીની તમામ કોર્ટો નાબૂદ થવી જોઈએ. પંચ પ્રથાથી તમામ ન્યાય. ગુનેગારને તત્કાળ સજા, નિર્દોષને કોઈ હેરાન ન કરી શકે. પોલીસ ઉપર પ્રજાનો અંકુશ હોવો જોઈએ.

૧૮. ભ્રષ્ટાચારના અને લાંચરૂશ્વતના કેસ પ્રજા પંચ નીમીને ચલાવી શકાય અને પંચના ચુકાદાથી જ સરકારી કર્મચારી, અધિકારીની નોકરી જવી જોઈએ.

૧૯. બળાત્કાર માટે ૨૪ કલાકમાં ફાંસીની સજા પંચ દ્વારા થવી જોઈએ.

૨૦. ગુંડાઓને મારી નાખવાની લોકોને છૂટ આપવી જોઈએ.

૨૧. આખા દેશમાં કોઈપણ નોકરી ત્રણ વરસથી વધુ સમય માટે નહીં. કાયમી નોકરી અને પેન્શન નાબૂદ થવું જોઈએ.

૨૨. જાહેર જનતાનો લોકમત લીધા વિના સરકારી કર્મચારીના પગાર વધારી શકાશે નહીં.

૨૩. ધારાસભ્યો, સંસદસભ્યોને એક રૂપિયાનો પણ પગાર, ભથ્થા મળવા ન જોઈએ.

૨૪. સરકારી કાયદો અન્યાયી લાગે તો સમૂહ ઠરાવ કરીને તેનો ભંગ કરવો કાયદેસર થવો જોઈએ.

૨૫. વિદેશી દેવું કરવાની સરકારને મનાઈ હોવી જોઈએ.

૨૬. કોઈપણ આંતરરાષ્ટ્રીય કરાર કરતાં પહેલાં પ્રબુદ્ધ વ્યક્તિઓનો લોકમત લેવો ફરજિયાત હોવો જોઈએ.

૨૭. સરકારી ગોડાઉનોમાં રહેલું તમામ અનાજ ગરીબોને મફત અપાવું જોઈએ.

૨૮. આપણા ગામમાં આપણી સરકાર આપણા શહેરની શેરીમાં પણ આપણી સરકાર એ ધોરણે તમામ સત્તા ગાંધીજીની ઈચ્છા પ્રમાણે વિકેન્દ્રિત થવી જોઈએ. તેથી સરકારી અધિકારીઓના હાથમાં કાંઈ જ સત્તા ના હોવી જોઈએ. ફક્ત લોકો પાસે જ સત્તા રહે.

૨૯. રૂપિયાનું અવમૂલ્યન કરનારને ફાંસીની સજા થવી જોઈએ.

૩૦. સરકારના ખોટ કરતા તમામ સાહસો બંધ થવા જોઈએ.

આ યાદી લંબાવી શકાય. અહીં નમૂના પૂરતી આછી ઝલક આપી છે. જો વિકાસ સાચી દિશાનો હોય તો શહેરોની ૭૫ ટકા વસ્તી સ્વેચ્છાએ ગામડામાં રહેવા જતી રહે, એટલાં ગામડાં આકર્ષક બને અને શહેરોમાં ઝૂંપડપટ્ટીઓ આપોઆપ નાબૂદ થઈ જાય.

રાજકોટ -વેલજીભાઈ દેસાઈ

❖ ❖ ❖ ❖ ❖

આદર્શ ગામની કલ્પના

આપણે જેવા ગામડાં બનાવવા માંગીએ તેની વ્યવસ્થિત કલ્પના આપણા મનમાં ઘડાયેલી હોવી જોઈએ. કોઈપણ યોજના પહેલાં આપણી કલ્પનામાં આકાર લે છે અને પછી જ વાસ્તવિક ધરતી ઉપર તે ઉતરે છે. એટલે આપણી કલ્પનાનું ચિત્ર ખૂબ જ સ્પષ્ટ હોવું જરૂરી છે. તો જ આપણે તે કલ્પનાને સાકાર કરવા માટે કામ કરી શકીએ. તો આપણે કેવું ગામ બનાવવા માંગીએ છીએ, તેમાં કેવી સગવડો હશે, કેવી વ્યવસ્થા હશે, કેવી સમૃધ્ધિ હશે વગેરે તમામ બાબતોનું કલ્પના ચિત્ર આપણી નજર સમક્ષ બિલકુલ સ્પષ્ટ હોવું જોઈએ. ગાંધીજીની કલ્પનાનું ગામ કેવું હોય તેનો થોડોક ચિતાર ગાંધીજીએ આપેલો છે.

''મારી કલ્પનાનાં ગામમાં વસતો માણસ જડ નહીં હોય- શુધ્ધ ચૈતન્ય હશે. તે ગંદકીમાં, અંધારા ઓરડામાં જાનવરની જેમ જિંદગી ગુજારતો નહીં હોય. સ્ત્રી અને પુરુષ બન્ને સ્વતંત્રપણે જીવન જીવશે અને આખા જગતની સાથે ટક્કર લેવાને તૈયાર હશે. બધાને શરીર શ્રમ કરવો પડશે. કદાચ રેલવે પણ હશે, ટપાલ પણ હશે. ગ્રામ સ્વરાજનો મારો ખ્યાલ એવો છે કે, **દરેક ગામ એક સંપૂર્ણ પ્રજાસત્તાક હોવું જોઈએ.**''

આપણે જ્યારે ગામડાની કલ્પના કરીએ છીએ ત્યારે ગરીબી, ગંદકી, અજ્ઞાનતા, દેશી નળિયાના સાદા ઘર, સાંકડા રસ્તા, મેલાઘેલા માણસો વગેરે કેમ જાણે ગામડાં સાથે જડાયેલા હોય એમ માનીને જ કલ્પના કરીએ છીએ. એટલે અત્યંત સુંદર, આધુનિક મકાનો અને વિશાળ રસ્તાઓ, સંપૂર્ણ સ્વચ્છતા, ખુશખુશાલ માણસો, અત્યંત બુધ્ધિશાળી માણસો, ખૂબ ભણેલા ગણેલા અને સમૃધ્ધ માણસો વગેરે ગામડાંની કલ્પના સાથે જાણે બંધ બેસતા નથી એવું ધારીને જ ગામડાની કલ્પના કરીએ છીએ. આ તદ્દન ખોટી કલ્પના છે. ખરેખર તો ગામડામાં સુખ, સંપત્તિ, બુધ્ધિમતા, કેળવણી વગેરે તમામ બાબતો શહેરો કરતાં પણ ચડી જાય એવી હોવી જોઈએ. વાસ્તવમાં ઇઝરાયલ અને યુરોપના જે સેંકડો ગામડાં મેં જોયા છે તેની આપણે કલ્પના પણ ના કરીએ. યુરોપના ગામડાં એટલાં સ્વચ્છ હોય કે આખા ગામમાંથી ૧૦૦ ગ્રામ ધૂળ ભેગી ના કરી શકાય. એવા નવા નકોર હોય કે જોઈને એમ લાગે કે હજી એક કલાક પહેલાં જ આખું ગામ નવું વસાવેલું હશે. રસ્તા, દુકાનો, ઘર વગેરે શહેરોને ટપી જાય એવા સુંદર અને સમૃધ્ધ અને ખાસ તો લોકોનું માનસ ગામડાંલક્ષી જ હોય, ગ્રામવાસી ત્યાં ઉંચો ગણાય. શહેરવાસી ઓછું ભણેલો.

આર્થિક સમૃધ્ધ હોય તે ગામડાંમાં રહેવું જ પસંદ કરે. શહેરોમાં તો સામાન્ય પ્રજા જ રહે. અમેરિકામાં ગામડાનું ઘર વેંચીને એટલી જ રકમમાંથી ન્યુયોર્કમાં ઉંચા મકાનમાં ૬૦મા માળે ફ્લેટ ખરીદી શકાય. ન્યુયોર્ક શહેરમાં રહેનારો ત્યાં નીચો ગણાય. ગામડાંમાં રહેનારો ગર્વથી કહે કે પોતે ગામડાંમાં રહે છે. આવી મનોદશા સુધરેલા તમામ દેશોમાં છે. જ્યારે ભારતમાં ચિત્ર સાવ જ ઉલ્ટું છે. અહીં ગામડાની જરાપણ કિંમત નથી. તો આપણે આ ચિત્ર ઉલ્ટાવવું છે.

દરેક ગામનું કલ્પેલું આદર્શ ગામનું ચિત્ર એકસરખું જ હોય તે જરૂરી નથી. દરેક ગામ પોતપોતાની રીતે આદર્શ ગામની કલ્પના કરશે. એટલે ગામેગામ પોતાની આદર્શ કલ્પનામાં થોડો ઘણો ફેરફાર રહેશે. કોઈ ગામ પોતાના ગામના તમામ રસ્તા સુંદર લાદીઓથી શણગારવા ઈચ્છશે તો કોઈ ગામ રસ્તા પાછળ ખૂબ ખર્ચ કરવામાં ના માને અને નવા ઉદ્યોગો વિકસાવવામાં રોકવા ઈચ્છે. કોઈ ગામ મંદિરમાં રાજસ્થાનથી આરસપહાણ લાવીને પણ સુંદર મંદિર બાંધવા ઈચ્છે, તો કોઈ ગામ મંદિર સાવ સાદું રાખવા ઈચ્છે. આ રીતે દરેક ગામના કલ્પના ચિત્રો થોડાં જુદા પડશે. પરંતુ નીચેની પ્રવૃત્તિઓ તો દરેકે દરેક ગામમાં થવી જ જોઈએ.

(૧) ખેતીની જમીનમાં પાણીની પૂરતી વ્યવસ્થા ગામે કરવી જોઈએ. આ માટે ગામની સીમમાં જ્યાં જ્યાં **ચેકડેમ** બાંધવા સંભવ હોય ત્યાં તમામ જગ્યાએ **ચેકડેમ બંધાઈ જવા જોઈએ.** ગામના સામૂહિક પુરુષાર્થમાંથી આમ કરવું શક્ય છે. ચેકડેમ પાછળ ખર્ચેલા નાણાંનું સો ગણું વળતર મળે છે. એટલે આ કામને સૌથી પહેલી પ્રાથમિક્તા આપીને આખા ગામનો સામૂહિક પુરુષાર્થ આ કામમાં લગાડવો જોઈએ.

(૨) **દરેક કુટુંબમાં ખૂબ સારું દૂધ આપતી ગાય પાળવામાં આવે એવું આયોજન દરેક ગામે કરવું જોઈએ.** આ માટે જરૂરી ગૌચર નીરણ સંગ્રહના ગોડાઉનો, ધણખૂંટ વગેરેની બધી વ્યવસ્થા સામૂહિક ધોરણે જાળવવી જોઈએ. દૂધનો ઉપયોગ પહેલા કુટુંબમાં સારી પેઠે થાય પછી વધારાનું દૂધ જ શહેરમાં જાય. અથવા તેની મીઠાઈઓ બનીને જાય તે રીતે આયોજન થવું જોઈએ.

(૩) **રાસાયણિક ખાતરો ઉપર પ્રતિબંધ હોય, તમામ ખાતર સેન્દ્રિય ખાતર બની જતું હોય. આ જ રીતે રાસાયણિક જંતુનાશક દવાઓ ઉપર પ્રતિબંધ હોય.** ખેતીની જ વનસ્પતિમાંથી જંતુનાશક દવાઓ બનાવી લેવી શક્ય છે.

ઘણે ભાગે લીંબોડીનું તેલ, ગૌમૂત્ર અને બેચાર બીજી વનસ્પતિઓમાંથી જોઈતી તમામ જંતુનાશક દવા બની શકે છે.

(૪) જે કાંઈ ખોરાક ગામને જોઈએ તે અનાજ, કઠોળ, તેલ, દૂધ, ખાંડ, ગોળ, ફળો, શાકભાજી વગેરે તમામ ગામમાં પાકવું જોઈએ. **ગામની બહારથી કાંઈ જ આવવું ના જોઈએ.** જે કાંઈ ના પાકી શકે એમ હોય તે જરૂર બહારથી આવે. જેમ કે સફરજન, સૂકોમેવો કે એવી બીજી ચીજો.

(૫) ગામની તમામ ખેતપેદાશોનો પાકો માલ ગામમાં જ બને. કપાસનું કાપડ અને તૈયાર કપડા થાય, તેલીબીયાનું પીલાણ થાય, તેલ ખોળ બને, શેરડીમાંથી ખેતરમાં જ ગોળ અને ખાંડ બને. શહેરોમાં વેંચાણ માટે જાય. એરંડા હોય તો તેનું તેલ થાય એટલું જ નહીં, પરંતુ લુબ્રીકેટીંગ ઓઈલ થઈને જ ગામ બહાર જાય.

(૬) ગામમાં, ખેતરોમાં અને ગામની હદના ઉદ્યોગોમાં જેટલી વીજળી જોઈએ તેટલી બધી **વીજળી ગામમાં,** ખેતરમાં કે કારખાનામાં જ વિકેન્દ્રિત ધોરણે **ઉત્પન્ન થતી હોય** અને વધારાની વીજળી પેદા થતી હોય. કોલસા ભલે ધનબાદથી લાવવા પડે. સૂર્ય શક્તિ, પવન શક્તિ, લાકડું બળતણ પણ હોય તો ઉપયોગમાં લેવાય. પરંતુ વીજળી બહારથી ખરીદવી નામોશીરૂપ ગણવું જોઈએ. વીજળી ઉત્પન્ન કરવાની ટેક્નોલોજી જરાપણ અઘરી નથી.

(૭) **ગામમાં વ્યસનો ઉપર પ્રતિબંધ હોવો જોઈએ.** બીડી, સીગારેટ, તમાકુ, ગુટખા વગેરે વેંચવા, લાવવા ઉપર પ્રતિબંધ હોવો જ જોઈએ. દારૂ ઉપર તો પ્રતિબંધ હોય જ.

(૮) મુખ્ય મુખ્ય ૪૦ જાતની **આયુર્વેદિક વનસ્પતિઓ ગામમાં જ પેદા થતી હોય,** તેમાંથી દવાઓ બનતી હોય અને મેડીકલ ડોક્ટરો પાસે જવાનું ભાગ્યે જ બનતું હોય.

(૯) **સુથારીકામ, લુહારીકામ, વર્કશોપ, કુંભારકામ, મોચીકામ વગેરેના ઉદ્યોગો ગામમાં હોવા જ જોઈએ.** પાણીના પંપ, સ્ટીમ એન્જિનો, જનરેટર વગેરે ગામડામાં આરામથી સહેલાઈથી બની શકે. રેડિયો વગેરે તો ગામમાં બને જ. મોબાઇલ ફોન પણ કોરિયાના ગામડામાં જ બને છે.

(૧૦) મકાન બાંધકામની મુખ્ય સામગ્રી ગામમાં જ બનવી જોઈએ. ઈંટો, ચૂનો, સીમેન્ટ (શક્ય હોય તો સૌરાષ્ટ્રના ગામેગામ લાઈમ સ્ટોન છે તેથી સિમેન્ટ બની શકે), નળિયા, લાદી, ગ્લેઝડ ટાઇલ્સ, પ્લાસ્ટીકની રીજીડ પીવીસી પાઇપો વગેરે. બધું જ નાના પાયે સસ્તું પણ પડે. ગામમાં એક પણ ઝૂંપડું હોય તો ગામનો વિકાસ થયો ના ગણાય. ગામમાં એક પણ જુનું મકાન હોય તો વિકાસની આખી કલ્પના ખામીવાળી છે.

(૧૧) તમામ પ્રાથમિક શિક્ષણ, પુસ્તકો વગર જ, મોઢેથી, કાગળ પેન બગાડ્યા વગર, તથા માધ્યામિક શિક્ષણ નાનકડા ગૃહ ઉદ્યોગો મારફત ગાંધીજીની કલ્પના અનુસાર અપાવું જોઈએ.

(૧૨) **પીવાના પાણી માટે દરેક ઘરમાં વરસાદનું પાણી સંઘરી રાખવાના પાકા સીમેન્ટના ભૂગર્ભ ટાંકા અવશ્ય હોવા જોઈએ.** આ બાબતમાં દરેક ઘર સ્વતંત્ર હોવું જોઈએ. પાંચ માણસના કુટુંબ માટે ૨ મીટર x ૨ મીટર x ૨મીટરનો ટાંકો પૂરતો થઈ પડે. જે ગામ પીવાના પાણી માટે દૂરથી પાણી લાવી આપતી યોજના ઉપર આધાર રાખશે તે કદી પણ સ્વતંત્રતા ભોગવી નહીં શકે અને કોઈક દિવસ ભારે સંકટમાં ફસાઈ પડશે. એટલે દરેકે દરેક ગામે વરસાદનું પાણી સંઘરવાના પાણીના ટાંકા દરેક દરેક ઘરમાં કરવાનું આયોજન કરવું જ જોઈએ.

(૧૩) રસોઈ માટે ઘરે ઘરે ગોબર ગેસ પ્લાન્ટ હોય અથવા સોલાર કુકર હોય. બળતણથી ધૂમાડામાં રસોઈ કરનારું એક પણ ઘર ના હોવું જોઈએ.

(૧૪) વાહન વ્યવહાર માટે **બાયસિકલ તથા ટ્રાઇસિકલ સિવાય કંઈ ન હોય** તે આદર્શ સ્થિતિ છે. બાયસિકલ તથા ટ્રાઇસિકલ ગામમાં જ બનવી જોઈએ.

(૧૫) ગામમાં પોતાનો કોમ્યુનીટી રેડિયો હોય અથવા બે ચાર ગામ મળીને રેડિયો સ્ટેશન ચલાવતા હોય. **ટીવી વગેરેથી મુક્ત હોય.** કોઈને ઘરે ટીવી ના હોય. કોમ્પ્યુટરો અને ઇન્ટરનેટ જરૂર પુરતા ભલે હોય. છાપા ગામમાં એકપણ ના આવતા હોય, એ ઈચ્છનીય છે.

આ યાદી સંપૂર્ણ નથી. ઘટતી બાબતો ઉમેરી શકાય.

-વેલજીભાઈ દેસાઈ

આપણે ક્યાં ભૂલ્યાં ?

હિન્દુસ્તાન બે ત્રણ સદી પહેલાં એક સમૃધ્ધ દેશ હતો. યુરોપ ત્યારે ગરીબીમાં સબડતો ખંડ હતો. આપણી સમૃધ્ધિથી અંજાઈને જ યુરોપના કોલંબસ, વાસ્કો-ડી-ગામા વગેરે હિન્દુસ્તાન શોધવા નીકળેલા. આપણે સમૃધ્ધ હતા. આપણાં ગામડાં સમૃધ્ધ હતાં. ઘરેઘર ગૃહ ઉદ્યોગથી ધમધમતું હતું. ખાધે પીધે બધા સુખી હતા. ભૂખમરો કે ગરીબી બીલકુલ ન હતા. આવી સમૃધ્ધ સ્થિતિમાંથી આપણે પાયમાલ કેમ થયાં ? આપણું પતન કેમ થયું ? યુરોપના દેશો જે ભૂખે મરતા હતા તે સમૃધ્ધ કેમ બની ગયા ? આખું ચિત્ર ઉલ્ટું કેવી રીતે બની ગયું ? આપણે ક્યાં ભૂલ્યાં ? આપણે કેવી રીતે ભૂલ થાપ ખાધી ? આપણે ગરીબ કેવી રીતે બન્યા ? આપણું શોષણ કેવી રીતે થયું ? આ બાબત આપણે પહેલાં સમજી લેવી જોઈએ. પછી જ આપણે ગામડાનું નવનિર્માણ કરી શકીએ.

મને એમ લાગે છે કે, આપણી અધોગતિનું સૌથી પ્રબળ આધ્યાત્મિક કારણ એ છે કે, આપણે આપણી દેવી સ્વરૂપ સ્ત્રીઓને ભયંકર અન્યાય કર્યો, તેમનું માતા તરીકેનું સ્થાન હતું તેને બદલે પુરુષની ગુલામડી બનાવી, તેમને અપમાનિત કરી, હડધૂત કરી અને આપઘાત કરવા પડે એવી સ્થિતિમાં મૂકી. નિર્દોષ, ધાર્મિક સ્ત્રીઓને થતાં અન્યાયને કારણે તથા સ્ત્રીઓને પોતાના ઘરમાં જ સતત ભયમાં જીવવું પડે એ કારણે બાળકો બીકણ પેદા થવાથી કુદરતનો કોપ આવ્યો અને આપણી બુદ્ધિ ભ્રષ્ટ થઈ. આપણે ધર્મ ચૂક્યા, વિવેક ચૂક્યા અને આપણને છેતરનારને ઓળખી ના શક્યા અને પરિણામે લૂંટાયા અને ગરીબ બન્યા. આ બધું સ્થૂળ રીતે કેમ બન્યું ? તે થોડુંક વિગતે સમજવું જોઈએ.

પહેલાં માણસ પોતાની શક્તિ અનુસાર કામ કરતો અને શારીરિક શ્રમના પ્રમાણમાં રોટલો રળી શકતો. પોતાની શારીરિક શક્તિ જ્યાં ઓછી પડી ત્યાં તેણે પશુશક્તિથી કામ લીધું. બળદ પાસેથી, ઘોડા પાસેથી, ઊંટ પાસેથી કામ લીધું. ઘોડાની શક્તિ માણસ કરતાં દસ ગણી ગણાય. એટલે કોઈ કામમાં ૧૦ માણસની જરૂર પડે ત્યાં એક ઘોડો પૂરતો થઈ પડે. પરંતુ ઘોડાથી મોટી શક્તિ માણસના હાથમાં ન હતી. એવામાં ઈંગ્લેન્ડમાં વરાળ શક્તિની શોધ થઈ અને તેને માટે વરાળયંત્ર (સ્ટીમ એન્જિન) વિકસાવ્યું. આ સ્ટીમ એન્જિન કેટલું શક્તિશાળી છે એ સમજવા માટે તેને ઘોડાની શક્તિ સાથે સરખાવ્યું. ઇંગ્લેન્ડમાં ખેતી ઘોડાથી જ

થતી હતી. એટલે નવું યંત્ર આવ્યું તે પાંચ ઘોડાની શક્તિ જેટલું છે, દસ ઘોડાની શક્તિ જેટલું છે, એમ બોલાતું થયું. ઘોડાની શક્તિને અંગ્રેજીમાં હોર્સપાવર કહે છે. આ હોર્સપાવર શબ્દ હવે ગામડાંના માણસો પણ જાણે છે. તો જે સ્ટીમ એન્જિન વિકસાવ્યું તે પાંચ હોર્સપાવરનું છે એનો અર્થ એ છે કે એ પાંચ ઘોડા કરી શકે એટલું કામ તે એન્જિન એકલું કરી શકે છે. પરંતુ એક ઘોડાની શક્તિ ૧૦ માણસોની શક્તિ બરાબર છે. એટલે પાંચ હોર્સપાવરના એન્જિનની શક્તિ ૫૦ માણસોની શક્તિ બરાબર છે. એટલે જે કામ ૫૦ માણસોની શક્તિથી થાય તે એક નાનકડો રાક્ષસ- પાંચ હોર્સપાવરનું સ્ટીમ એન્જિન- એકલો કરી શકે. હવે આ રાક્ષસને થોડોક કોલસો આપી દો એટલે તે ૫૦ માણસનું કામ કરી આપે. માણસને થાક લાગે, ભૂખ લાગે, માંદો પડે, બીજી મુશ્કેલી આવે. પરંતુ રાક્ષસને થાક ના લાગે, માંદો ના પડે. ફક્ત તેને જોઈતો કોલસો કે લાકડાં આપી દો. એટલે તે રાતદિવસ કામ કર્યા જ કરે. હવે માનો કે ૫૦ માણસોને ૮ કલાક કામ કરાવીએ તો દરેકને રોજના રૂા. ૧૦૦/- આપવા પડે તો કુલ રૂા. ૫,૦૦૦/- આપવા પડે. પરંતુ સ્ટીમ એન્જિન ૮ કલાક ચાલે તો ૧૦૦થી ૧૨૫ કિલો લાકડા જોઈએ. તેનું ખર્ચ માની લો કે રૂા. ૨૦૦/- થાય છે. તો રૂા. ૫,૦૦૦/-ની જગ્યાએ ખર્ચ ફક્ત રૂા. ૨૦૦/-. માણસો પાસે કરાવીએ તો રૂા. ૫,૦૦૦/- ખર્ચ આવે અને એક નાનકડા રાક્ષસ પાસે કામ કરાવીએ તો ખર્ચ ફક્ત રૂા. ૨૦૦/- આવે!

આ ગણિતનો ઈંગ્લેન્ડની પ્રજાએ અને પછી યુરોપની પ્રજાએ ભરપૂર ફાયદો ઉઠાવ્યો. તેમનામાં નીતિ, ધર્મ, સદાચાર, દયાના સદગુણો ન હતા. તેઓ ગમે તેવા કાવતરાં કરીને પણ દુનિયાને લૂંટવા માંગતા હતા. તેથી તેઓ ૫ ઘોડાની શક્તિવાળા, ૧૦ ઘોડાની શક્તિવાળા, ૫૦ ઘોડાની શક્તિવાળા, ૧૦૦ ઘોડાની શક્તિવાળા, ૨૦૦ ઘોડાની શક્તિવાળા રાક્ષસો (સ્ટીમ એન્જિનો) પેદા કરવા માંડ્યા અને તેમના મારફત કામ લેવા માંડ્યા. આવા રાક્ષસોને તેમણે વાહનો ખેંચવા માટે, રેલવે ખેંચવા માટે, હોડીઓ ચલાવવા માટે, યુધ્ધો લડવા માટે, કારખાના ચલાવવા માટે, સુતર કાંતવા માટે ને કાપડ વણવા માટે કામે લગાડવા માંડ્યા. આ બધા રાક્ષસો થોડોક કોલસો માંગે. તે સિવાય ચોવીસેય કલાક થાક્યા વગર કામ આપ્યા જ કરે. આ રીતે અંગ્રેજોને કરોડો માણસોને લૂંટવાનો રસ્તો મળી ગયો. આ રીતે અંગ્રેજોએ પોતાનું સામ્રાજ્ય સ્ટીમ એન્જિનો વડે જ સ્થાપ્યું અને સ્ટીમ

એન્જિનોનો મોટે પાયે ઉપયોગ કરીને જ પોતાનું સામ્રાજ્ય આખા જગત ઉપર વિસ્તાર્યું. આપણે દયા, નીતિ, સદાચાર અને ધર્મમાં માનતા હતા. પણ આ રાક્ષસી માયાજાળથી તદ્દન અજ્ઞાત રહ્યા અને આપણું શોષણ કેવી રીતે થઈ રહ્યું છે, ગરીબી કેમ વધી રહી છે, આપણાં ગામડાં કેમ ભાંગતા જાય છે, તેનું કંઈ ભાન ના રહ્યું. પરિણામે આપણા ઉપર અંગ્રેજોએ આર્થિક વિજય મેળવ્યો અને અંતે આપણને રાજકીય ગુલામ પણ બનાવ્યા.

ત્યારપછી ડીઝલ એન્જિન, પેટ્રોલ એન્જિનની શોધ થઈ, વીજળીની શોધ થઈ. વીજળી ઉત્પન્ન કરવાના મોટા રાક્ષસી કારખાના થયા. આ બધાની શક્તિ ઘોડાની શક્તિ સાથે સરખાવવાનું ટૂકું પડવા માંડ્યું. એટલે શક્તિ માપવાના નવા યુનિટ કિલોવોટ તથા મેગાવોટ શોધી કાઢ્યા. આ કિલોવોટ આશરે ૧૪ માણસની શક્તિ અને મેગાવોટ ૧૪૦૦૦ માણસોની શક્તિ બરાબર થાય છે. એટલે કે, એક મેગાવોટ ૧૪૦૦ ઘોડાની શક્તિ બરાબર થાય છે. નાની વાત કરીએ તો ૧૦ ઘોડાની શક્તિ ૭ કિલોવોટ જેટલી ગણાય. એટલે કિલોવોટ ઘોડા કરતાં વધારે શક્તિશાળી છે. હવે આ કિલોવોટ એક કલાક કામ કરે તો વીજળીની ભાષામાં તેને યુનીટ કહે છે અને આપણે વીજળીના બીલ મળે છે તે યુનીટના પાંચ રૂપિયા લેખે મળે છે. હવે ધારો કે કોઈ એક કામ પાર પાડવામાં ૧૦૦ માણસોએ ૮ કલાક કામ કરવું પડે એમ છે. તો તેની જગ્યાએ ૧૦ ઘોડાની શક્તિવાળો એક રાક્ષસ (સ્ટીમ એન્જિન કે ડીઝલ એન્જિન) તે કામ ૮ કલાકમાં કરી આપશે. (૧ ઘોડાની શક્તિ ૧૦ માણસોની શક્તિ બરાબર છે. તેથી ૧૦ ઘોડાની શક્તિ ૧૦૦ માણસોની શક્તિ બરાબર છે). જો તમારે આ રાક્ષસ ના જોઈતો હોય તો ૭ કિલોવોટની શક્તિ ધરાવતી રાક્ષસી (૭ કિલોવોટની ઈલેક્ટ્રીક મોટર)ને પણ મૂકી શકો છો. અને ૭ કિલોવોટની મોટર ૮ કલાક ચાલે તો ૭x૮ ૫૬ યુનીટ વીજળી બળે અને તેનું ખર્ચ ૫૬x૫ રૂા. ૨૮૦- આવે. પરંતુ જો ૧૦૦ માણસો ૮ કલાક કામે રાખ્યા હોય તો રૂા. ૧૦૦/-ના રોજ પ્રમાણે રૂા. ૧૦,૦૦૦/- ખર્ચ આવે. તેને બદલે ૭ કિલોવોટની રાક્ષસી આપણને રૂા. ૨૮૦/-માં એટલું જ કામ કરી આપે તો ત્રીસ ગણો ફેર ખર્ચમાં થાય. તેથી માણસોને બદલે રાક્ષસો કે રાક્ષસીઓ મારફત કામ કરાવવાથી ખર્ચ સાવ ઓછો થાય અને જ્યાં માણસો વડે જ કામ લેવાનું હોય તેની સરખામણીમાં જંગી નફો થાય.

આ પરિસ્થિતિનો ભરપેટ દુરુપયોગ અંગ્રેજોએ હિન્દુસ્તાનના ઉદ્યોગ ધંધા તોડી નાંખવા માટે કર્યો. દેશના ગામેગામ ઘરેઘરમાં ઉત્તમ પ્રકારનું કાપડ બનતું હતું. તેમાં ટક્ષટાઈલની મીલોના મશીનો શોધાયા, અને રાક્ષસોના ઉપયોગથી એકદમ સસ્તું ઉત્પાદન થવા માંડ્યું. આ રીતે જે લોકો હાથેથી કાંતતા હતા અને હાથશાળ પર કાપડ વણતા હતા તેઓ રાક્ષસી યંત્રશક્તિ સામે ટકી ના શકે તે દેખીતું જ છે. તેથી હાથપગની મહેનત કરનારાની આવક સતત ઘટવા માંડી અને અંતે ભૂખમરાની સ્થિતિમાં આવી પડ્યા.

હવે જેના હાથમાં યંત્રશક્તિ આવી, એટલે કે રાક્ષસી શક્તિ જેના હાથમાં આવી તે અઢળક નાણું કમાઈ શકે તેવી પરિસ્થિતિ પેદા થઈ. અને જેની પાસે પોતાના હાથપગ સિવાય કાંઈ નથી તે મુશ્કેલીમાં આવી પડ્યા અને ભૂખે મરવા સિવાય બીજો રસ્તો ના રહ્યો. અંગ્રેજોનું ધ્યેય દેશને લૂંટવાનું અને આપણને ગુલામ બનાવવાનું જ હતું. તેથી તેમણે યંત્રો વિકસાવવા પાછળ ખૂબ ધ્યાન આપ્યું, જેથી તે આપણા દેશને વધુમાં વધુ લૂંટી શકે. કરોડો માણસો હાથપગની મહેનતથી જીવતા હતા. તેમનું શું થશે તેમની અંગ્રેજોને કાંઈ જ પડી ન હતી. ઉલ્ટું તે બધા માણસો સારું અને સસ્તું ઉત્પાદન કરી ના શકે એવા જુલ્મી કાયદાઓ કરવા માંડ્યા.

અહીં આપણે ભૂલ્યા. યંત્રોની રાક્ષસી શક્તિ પાસે માણસની શક્તિ કદી હરિફાઈ ના કરી શકે. તો આપણી પાસે બે વિકલ્પો હતા. કાં તો આપણે પણ યંત્ર શક્તિનો ઉપયોગ કરીને આપણો બચાવ કરવાની જરૂર હતી. આપણે કોઈને લૂંટવા ન હતા, પરંતુ લૂંટાતા બચવું હતું. તો લૂંટાતા બચવા માટે મર્યાદિત પ્રમાણમાં નાના પાયે શક્ય એટલા સ્વદેશી અને સ્વાવલંબનના સિદ્ધાંતો સાચવીને યંત્રોનો રચનાત્મક ઉપયોગ કર્યો હોત, તો આપણે પાયમાલ ના થયા હોત અને કદાચ અંગ્રેજો આપણને પાયમાલ કરવામાં ફાવ્યા ન હોત. અથવા યંત્રોનો ઉપયોગ કરવો જ ન હોત, તો બીજો વિકલ્પ અતિ સાદું જીવન જીવવું અને સંપૂર્ણ સ્વદેશીનું પાલન કરવું, જેથી ગ્રામ્ય અર્થતંત્રમાં બહારની જરાપણ દખલ ના થઈ શકે. આવું અણીશુધ્ધ સ્વદેશી પાલન કોઈપણ સમાજ ભાગ્યે જ કરી શકે. એટલે આપણી પાસે વ્યવહારુ વિકલ્પ નાના યંત્રો વિકસાવીને આપણી ગ્રામીણ સ્વાવલંબી અર્થવ્યવસ્થાને બચાવી લેવાનો જ હતો.

યંત્રો મારફત પ્રજાને પાયમાલ કરવાની નીતિ સામે ગાંધીજીએ પોતાનો પુણ્ય પ્રકોપ ઠાલવ્યો. યંત્રશક્તિને ધુત્કારી કાઢી અને માનવશક્તિથી કાપડનું ઉત્પાદન

પુનર્જીવિત કરવાના ભગીરથ પ્રયાસો કર્યા. તેમને આશા હતી કે અંગ્રેજોના ગયા પછી સ્વરાજ મળશે ત્યારે યંત્રોને પરિણામે કરોડો માણસોને બેકાર કરનારી યોજનાઓ કાયદાથી પ્રતિબંધિત કરી શકાશે અને ગરીબ માણસોની મજૂરી સામે રાક્ષસીયંત્રો હરિફાઈમાં ના ઉતરી શકે એવા કાયદાઓ સ્વરાજની સરકાર કરશે.

પરંતુ અંગ્રેજોના ગયા પછી જે લોકો સત્તામાં આવ્યા તે સવાયા અંગ્રેજો નહીં, પરંતુ સવાસો ગણા અંગ્રેજો સાબિત થયા. તેમણે કરોડો ગરીબ માણસોનો, લાખો ગામડાઓનો જરાપણ વિચાર ના કર્યો અને વિકાસની ઘેલછામાં મોટાં તોતીંગ રાક્ષસી યંત્રો દાખલ કરવા માંડ્યા. સેંકડો અને હાજરો મેગાવોટના કારખાના કાઢવા માંડ્યા. એક મેગાવોટ ૧૪૦૦૦ માણસોની શક્તિ બરાબર હોવાથી ૧૪૦૦૦ માણસોનું કામ એક મેગાવોટ કરી આપે અને ૧૪૦૦૦ માણસો બેકાર થાય તેના પ્રત્યે જરાપણ ધ્યાન આપવામાં ના આવ્યું. આવા કારખાના સ્થાપવામાં અઢળક નાણું જોઈએ. તે માટે આમ જનતા ઉપર નિર્દયપણે જંગી કરવેરા નાંખવામાં આવ્યા. એટલે આમ જનતાનો બન્ને બાજુથી મરો થયો. એક બાજુથી જંગી કરવેરાને પરિણામે મોંઘવારી ખૂબ વધી. જીવન જીવવું મુશ્કેલ બન્યું. અને બીજી બાજુથી બેકારી આવી, આવક ઘટી, કામધંધા તૂટ્યા, શહેરોમાં રાક્ષસી યંત્રશક્તિથી પેદા થતાં માલ સામે હાથપગના ઉપયોગથી બનેલો માલ મોંઘો પડવા માંડ્યો. આ રીતે ૭૦થી ૮૦ ટકા સામાન્ય જનતા ઘંટીના બે પડ વચ્ચે પીસાઈ ગઈ.

બીજી બાજુ શહેરોના મુઠ્ઠીભર વર્ગ પાસે અઢળક નાણું આવ્યું. ૫૦ વરસ પહેલાં જેમની પાસે એક કરોડ રૂપિયા હતા તેની પાસે એક લાખ કરોડ થઈ ગયા. જેની પાસે બે ચાર લાખ રૂપિયા હતા તેની પાસે ૫૦૦થી ૧૦૦૦ કરોડ રૂપિયા થઈ ગયા. જેની પાસે ૨૫ થી ૫૦ હજાર રૂપિયા હતા તેમની પાસે ૧૦-૨૦ કરોડ થઈ ગયા. આ બધા નાણાં રાક્ષસી યંત્ર શક્તિને કામે લગાડીને માણસની કે પશુની શક્તિને બાજુએ હડસેલીને પાવરહાઉસોની યંત્રશક્તિને મૂકવાથી કમાયા. જે કાંઈ કમાણી આવી તે તમામ ગરીબ માણસોને લૂંટીને જ આવી છે. આથી ભયાનક અસમાનતા પેદા થઈ. તમામ નાણું અને સમૃદ્ધિ ઉપલા ૧૦ ટકા વર્ગમાં કેન્દ્રિત થઈ ગઈ. ૯૦ ટકા વર્ગ કાં તો માંડ પૂરું કરે અથવા ભૂખે મરે એવી સ્થિતિ સર્જાઈ છે. આવી સ્થિતિમાં ગામડા સાવ ભાંગી ગયા છે. આર્થિક રીતે સધ્ધર માણસો શહેરોમાં જતા રહ્યા છે. બુદ્ધિશાળી માણસો પણ શહેરમાં જતા રહ્યા છે. એટલે

ગામડા સંપત્તિહીન તથા બુદ્ધિશક્તિહીન થયા છે. અત્યારે ગામડું એટલે ભૂખે મરતા જીવતા હાડપીંજરોની ભૂતાવળ, તેમાં દૈવત નથી, દ્રવ્ય નથી, દૃષ્ટિ નથી, ઉત્સાહ નથી, ઉમંગ નથી, સાહસ નથી, શક્તિ નથી. ઘોર હતાશામાં, નિરાશામાં મરવા વાંકે તેઓ જીવે છે. આજની પરિસ્થિતિ સ્વાભાવિક હોય એ રીતે ગામડામાં તો ગરીબી અને ભૂખમરો જ હોય એમ સ્વીકારીને તેઓ જીવે છે. કૂડકપટ અને કાવતરા કરીને તેમનું સર્વસ્વ લૂંટી લઈને તેમને ગરીબ બનાવવામાં આવ્યા છે, એ વાત કોઈને સમજાતી નથી. આવી પરિસ્થિતિમાંથી આપણે બહાર નીકળી જઈ શકીએ અને ફરીથી સમૃધ્ધિ મેળવી શકીએ એવી તો કોઈને પણ કલ્પના પણ આવતી નથી. આવા ઘોર અંધકારમાંથી આપણે ગામડાના પુનરુત્થાનનો રસ્તો કાઢવાનો છે. તેની શરૂઆત ક્યાંથી કરીશું તે આપણે હવે પછીના પ્રકરણમાં જોઈશું.

હિન્દુસ્તાનના દુઃખો દૂર કરવા માટે ખાદી કરતા બીજું કોઈ વધુ કામયાબ સાધન નથી. જો આપણે **કરોડોની કંગાલીયતનો નાશ કરવા માગતા હોઈએ તો ચરખા સિવાય બીજી કોઈ વસ્તુથી એ બની શકે એમ નથી. ચરખો હિન્દુસ્તાનના ગરીબનો પ્રાણ છે. કદીક મેં એને સુદર્શન ચક્ર કહ્યો, કદીક કામધેનુ કહી છે. મારા બધા અનુભવોથી કહી શકું છું કે ચરખો કામધેનુ છે.**

ગાંધીજી

❖ ❖ ❖ ❖ ❖

સૂર્યશક્તિથી ચાલશે ગ્રામ ઉદ્યોગો

મોટા મોટા ઉદ્યોગથી સમાજમાં સ્વર્ગનું સુખ ઊભું થશે એવો ભ્રમ ફેલાવીને લોકોને ગુમરાહ કરીને અનેક વસ્તુના ઉત્પાદન માટે જંગી કારખાના સ્થાપવામાં આવે છે. આ બધા કારખાનાથી સમાજ જીવન કેટલું ચૂંથાય જાય છે, કેવી રીતે કૌભાંડો, અન્યાય અને અસમાનતા ઊભી થાય છે તે ટૂંકમાં આપણે સમજી લેવું જોઈએ. અહીં ફક્ત કેટલી બાબતો જે ઉડીને આંખે વળગે એટલી ચોખ્ખી છે તે બતાવું છું.

(૧) મોટા કારખાનામાં ૫૦ થી ૫૦૦ કે હજાર માણસો કામ કરતા હોય છે. એ બધા ફક્ત નોકરી કરતા હોય છે. કારખાનામાંથી અઢળક નફો થતો હોય તો આ નોકરી કરતાં માણસોને ખાઈ પીને કામ કરે એટલો જ પગાર મળે છે. નફામાંથી તેમને કાંઈ પણ ભાગ મળતો નથી પણ વધારે સંભવ એવો છે કે તેઓ સુખેથી રહી શકે એટલો પણ પગાર તેમને મળતો નથી અને હંમેશા તેઓ નાણાની તંગી ભોગવે છે.

(૨) બીજી બાજુ જેઓ મોટા કારખાનાના માલિક છે, તે એક કુટુંબ પાસે કરોડો રૂપિયાનો નફો આવે છે. એટલે તે હમેશાં બીજું કારખાનું સ્થાપે છે, પણ તેઓ કદી પણ નફો કારખાનાના માણસોને વહેંચી દેતા નથી.

(૩) આ પ્રમાણે સમાજમાં ભયંકર અસમાનતા સર્જાય છે. કરોડો માણસો ગરીબીમાં જ જીવે અને હંમેશા નાણાની તંગી અનુભવ્યા કરે અને હંમેશા શોષાતા જ જાય. પણ કેટલાક મુઠ્ઠીભર માણસો પાસે મબલખ નાણું આવે, તે **વૈભવી** ઠાઠ-માઠ અને ભોગવિલાસમાં ગમે એટલા પૈસા વાપરે તો પણ ખૂટે નહીં. આમાંથી અનેક અનિષ્ટોનું સર્જન થાય છે. આવો સમાજ તંદુરસ્ત સમાજ ના ગણાય, પણ રોગીષ્ટ સમાજ ગણાય.

પણ હવે જંગી રાક્ષસી કારખાનાઓનો યુગ ટૂંક સમયમાં આથમવાની તૈયારીમાં છે. એક નવા જ યુગનો ઉદય થઈ રહ્યો છે. તેમાં સૂર્યશક્તિથી ચાલતા પાવર હાઉસો મુખ્ય થઈ પડશે. આ નવા પાવરહાઉસો સાવ નાના નાના, સાદા, સસ્તા, ખેતરે ખેતરે અને ગામેગામ થશે. આ કામ મોટા કરોડપતિઓ અને અબજોપતિઓ કરવાના નથી, કારણ કે તેમનું હિત તો તેનાથી જોખમાશે. આ કામ અબજોપતિઓને પૈસે નભતા મોટા વૈજ્ઞાનિકો, એન્જિનિયરો પણ કરવાના નથી. સરકાર પણ આ કામ

કરવાની નથી, કારણ કે આજની તમામ સરકારો સ્થાપિત હિતો અને અબજોપતિઓ સાથે જોડાયેલી છે. તેથી સૂર્યશક્તિથી પાવર ઉત્પન્ન કરવાનું કામ આમ જનતાએ નાના ગ્રામીણ કારીગરોએ, સુતાર, લુહાર જેવા ટેક્નીશીયનોએ તથા ગામડાનું હિત હૈયે હોય એવા એન્જિનિયરોએ જ ઉપાડવું પડશે. અહીં સવાલ એ થાય છે કે આ કામમાં ઊંડું વૈજ્ઞાનિક જ્ઞાન હોવું જરૂરી છે, લાંબો અનુભવ હોવો જરૂરી છે, અઢળક નાણા હોવા જરૂરી છે એમ કહેવાય છે. તો પછી આમ જનતા અને ઓછું ભણેલા માણસો આખા સૂર્યશક્તિના પાવરહાઉસ પછી આમ જનતા અને ઓછું ભણેલા માણસો આખા સૂર્યશક્તિના પાવરહાઉસ બનાવવાનું કામ કેવી રીતે કરી શકે ?

સવાલ તો સાચો છે. છતાં મારી પાકી શ્રધ્ધા છે કે આ કામ ગામડાના નાના કારીગરો મારફત જ થવાનું છે. લોકો ધારે છે એટલું બધું જટીલ કામ તે હોતું નથી. આ બાબત પાયાનું **કેટલું જ્ઞાન જરૂરી છે.** તેથી તે જ્ઞાન લોક સુલભ કરવા માટે આ લખાણ લખું છું. મને આશા છે કે આ પુસ્તક વાંચીને, સમજીને કોઈપણ કારીગરને માટે સૂર્યશક્તિથી પાવર ઉત્પન્ન કરવાનું પાયાનું જ્ઞાન મેળવવું સહેલું થઈ જશે.

સૌથી પહેલાં સૂર્યના કિરણોને ભેગા કરીને ખૂબ જ ગરમી પેદા કરવી જરૂરી છે. સૂર્યના કિરણોને ભેગા કરવા માટે મોટી તાવડી જેવા આકારમાં નાના નાના અરીસા ગોઠવવા પડે છે. આ બાબતનું જ્ઞાન લેવું જરૂરી છે. જે માણસ ૧૦ કે ૧૨ ધોરણ ભણેલ હોય, ગણિતમાં સારી સમજ હોય અને નવું કરવાની તમન્ના હોય તે આવા જંગી સૂર્ય તાવડા કેમ બનાવવા તે અંગે ઉંડા ઉતરે. ઉપર જે વર્ણન સૂર્યતાવડીનું આપ્યું છે તે પેરેબોલિક આકાર મોટા પાયે કરવામાં ઘણી મુશ્કેલી પડે છે. તેથી ફ્રેઝનેલ નામના એન્જિનિયરે શોધી કાઢ્યું કે ૧૦ થી ૨૦ મીટર લંબાઈના લોખંડ કે લાકડાને પેરેબોલિક આકારમાં વાળ્યા વગર જ એટલે કે સીધા રાખીને તેના ઉપર અરીસા ગોઠવીને અરીસાને એવી રીતે ગોઠવવા કે જેથી તેનું પરાવર્તન કેન્દ્રબિંદુ ઉપર જ થાય. આ સાવ સહેલી ફ્રેઝનેલની પધ્ધતિ સમજી લેવાથી મોટા મોટા તડકા યંત્રો ગામે ગામ બનાવી લેવાના દરવાજા ખુલી જશે. આવા હજારો કારીગરો એક સાથે આપણા દેશને જોઈએ છે. એકવાર આપણે સૂર્યના કિરણો ભેગા કરીને એટલી મોટી ગરમી પેદા કરી કે ત્યાં પાણીની તરત જ વરાળ થઈ જાય તો આ વરાળથી સ્ટીમ એન્જીન (વરાળ યંત્ર) ચાલે અને તેની સાથે જનરેટર જોડીએ એટલે વીજળી ઉત્પન્ન કરી શકીએ.

-વેલજીભાઈ દેસાઈ

જગતમાં ક્રાન્તિ લાવનારૂ તડકાયંત્ર

સૂર્યના કિરણોને ભેગા કરીને ગરમી ઉત્પન્ન કરનારા સાધનને અંગ્રેજીમાં સોલાર કોન્સેન્ટ્રેટર કહે છે. આપણે તેને સૂર્યતાપવર્ધક કહી શકીએ અથવા ગામઠી ભાષામાં તેને તડકાતાવડો કે સૂર્યતાવડો કે તડકાયંત્ર કહી શકીએ.

આવા તડકા યંત્રમાં અરીસા ગોઠવીને સૂર્યના કિરણોને પરાવર્તન કરીને એક જ જગ્યાએ ભેગા કરવાના હોય છે. નમૂના પૂરતા આવા સૂર્યતાપ વર્ધકો દુનિયાના ઘણા બધા માણસોએ બનાવેલા છે. પરંતુ તે હજી પ્રયોગ અવસ્થામાં જ છે. વેપારી ધોરણે દરરોજ બજારમાં વેંચાતા તડકા યંત્રો હજી ખાસ બન્યા નથી. સૌથી પહેલા જર્મન વૈજ્ઞાનિક શ્રી વોલ્ફગેંગ શેફલરે આવા સૂર્યતાપવર્ધકો મારફત હજારો માણસોની રસોઈ દરરોજ કરી આપવાનું સંકુલ આબુ તળેટીમાં ગોઠવ્યું છે અને ત્યાર પછી મોટા મોટા મંદિરોમાં કેટલીક જગ્યાએ હજારો માણસોની રસોઈ ફક્ત સૂર્યતાપથી વરાળ બનાવીને તેનાથી રસોઈ થાય છે. તેને શેફલર રીફ્લેક્ટર કહે છે. તે ૧૬ ચો.મીટરના હોય છે. પરંતુ હજી તેનો વપરાશ ઔદ્યોગિક ક્ષેત્રમાં થયો નથી.

દરમિયાન ઘણા વરસોના સંશોધન પછી મે ૯૦ ચો.મી. સુધીના વિશાળ સૂર્યતાપવર્ધક તડકાયંત્રો વિકસાવ્યા છે. આ તાપવર્ધકમાં ૯૦ સે.મી. x ૨૦ સે.મી.ના કુલ ૫૦૦ જેટલા અરીસા સતત સૂર્યની સામે જ રહે અને તેનો પ્રકાશ પરાવર્તન થઈને એક ચોક્કસ જગ્યા ઉપર જ પડે, જ્યાં ૮૦૦ અંશ સેલ્સીયસ જેટલું તાપમાન મળી શકે. તેમાં પાણીની તરત જ વરાળ થઈ જાય તે માટે બોઇલર મુકેલું છે. થોડા જ વરસમાં આવા તાપવર્ધકો કે તડકા યંત્રો ગામડાના લુહાર પણ બનાવવા મંડશે ત્યારે આવા તાપવર્ધકો આખી દુનિયામાં સસ્તામાં સસ્તા થશે અને તેનો વ્યાપારી ઉપયોગ બહુ ઝડપથી દુનિયામાં થવા માંડશે.

વળી આમાં લોખંડ જ વાપરવું જરૂરી નથી. લાકડું, વાંસ વગેરે પણ વાપરી શકાય. એટલે જ્યારે ગ્રામ્ય કારીગરોની બુધ્ધિ આ કામમાં જોડાશે ત્યારે આ તડકા યંત્રો ખૂબ જ સસ્તા થઈ જશે અને કરોડોની સંખ્યામાં દેશના ગ્રામ્ય પ્રદેશોમાં ફેલાઈ જશે. ઉલ્ટું આ તડકા યંત્રોમાં જરૂરી કરોડો ચોરસ મીટરના કાચના અરીસા પૂરા પડશે કે કેમ તે શંકા રહે છે.

૬૪ ચો.મીટરના એક તાપવર્ધકમાં ૨૫ કીલોવોટ જેટલી ગરમી ઉત્પન્ન થાય છે. એટલે જ્યાં જ્યાં ગરમીની જરૂર પડતી હોય ત્યાં આ સૂર્યતાપવર્ધકનો ઉપયોગ

ચાલુ થઈ જશે. જેમ કે આજે શહેરોમાં નાની નાની ડેરીઓ ચાલે છે તેમાં દુધને ઉકાળવા માટે અને મીઠાઈ બનાવવા માટે લાકડા બાળીને બોઇલરમાં વરાળ બનાવાય છે અને વરાળથી દૂધ ઉકાળવામાં આવે છે. આવી જગ્યાએ સૂર્યતાપવર્ધકથી જરૂરી વરાળ બની જાય અને લાકડાનું ખર્ચ નીકળી જાય. એક ચો.મી. અરીસા ૫ કિલો વરાળ એક દિવસમાં બનાવી શકે છે. આ રીતે દુધ-મીઠાઈની ડેરીવાળાને દૈનિક એકથી બે હજાર રૂપિયાનું લાકડાનું ખર્ચ બચી જાય અને એટલું પ્રદુષણ પણ ઘટે. આ ઉપરાંત વરાળનો ઉપયોગ મીકેનીકલ પાવર કે ઇલેક્ટ્રીક પાવર ઉત્પન્ન કરવા માટે પણ થઈ શકે અને તેના મારફત ઘણા બધા ઉદ્યોગો નાને પાયે ચાલી શકે.

ખાસ કરીને નીચેના ઉદ્યોગો સૂર્યતાપવર્ધકથી ચલાવવાની ઘણી મોટી શક્યતાઓ છે.

(૧) બાજરો, ઘઉં, ડાંગર, કઠોળના થ્રેસર ચલાવવા માટે સૌથી મોટો અવકાશ છે. કારણ કે તેમાં મીકેનીકલ પાવર બહુ ઓછા પ્રમાણમાં જરૂર પડે છે. એટલે ૯૦ ચો.મી.ના એક કે બે તાપવર્ધક પૂરા થઈ પડે.

(૨) મગફળીના થ્રેસર તથા મગફળી ફોલીને દાણા કાઢવાના સીંગફોલ યંત્રો માટે તે ખૂબ ઉપયોગી થશે.

(૩) ડાંગરમાંથી ચોખા કાઢવા માટે આખા ભારતમાં લાખો સૂર્યતાપવર્ધકો ચાલશે.

(૪) કપાસનું જીનીંગ કરવા માટે આખા ભારતમાં લાખો સૂર્યતાપવર્ધકો ચાલશે.

(૫) રૂમાંથી સૂતર કાંતવા માટે વીજળી ઉત્પન્ન કરીને તેના દ્વારા કરોડો અંબર ચરખા ચલાવવામાં લાખો તાપવર્ધકોની જરૂર ઉભી થશે.

(૬) સૂતરમાંથી કાપડ બનાવવા માટે પાવરલૂમો પણ આવા તાપવર્ધકોથી ચાલુ થઈ જશે.

(૭) તેલ કાઢવાની ટચુકડી તેલમીલો પણ સૂર્યતાપવર્ધકોથી ચાલશે.

(૮) ખેતરમાં ગોળ બનાવવા માટે છોતા બાળીને જ રસ ઉકાળવામાં આવે છે. પરંતુ તાપવર્ધકોથી રસ ઉકાળી શકાય અને ગોળ બનાવી શકાય. બધા જ છોતા વધી પડે તેનું સેન્દ્રિય ખાતર બનાવીને જમીનની ફળદ્રુપતા ખૂબ વધારી શકાશે.

(૯) કૂવામાંથી પાણી ખેંચવાનું કામ તાપવર્ધકો મારફત લગભગ સાર્વત્રિક થઈ પડશે અને વીજળી અને ડીઝલની ક્યાંય જરૂર નહીં રહે.

આ રીતે સૂર્યશક્તિથી જ ખેતીવાડીના લગભગ બધા જ ઉદ્યોગો ખેતરોમાં જ અને ગામડામાં નાને પાયે ચાલતા થશે ત્યારે ભારતનું આખું ચિત્ર બદલાઈ જશે. ગરીબી અને બેકારી ક્યાંય ગોતવા જશો તો પણ મળશે નહીં. ગામડા સૃમધ્ધિથી છલકાતા હશે. શહેરીકરણ બંધ થઈ જશે. ગ્રામ્યપ્રજાનું શોષણ આપોઆપ બંધ થઈ જશે અને સુખ સમૃધ્ધિના નવા યુગના મંડાણ થશે. આ દિવસ ઝડપથી નજીક આવતો જાય છે. ગાંધીજીની કલ્પના પ્રમાણે નાને પાયે સ્વદેશી ઉદ્યોગો ખીલશે અને ગામડાનું શોષણ બંધ થશે તેથી ગાંધીજીના આત્માને ખૂબ જ આનંદ થશે.

-વેલજીભાઈ દેસાઈ

❖ ❖ ❖ ❖ ❖

દુનિયાભરમાં પવનવિદ્યુત અને સૂર્યવિદ્યુતનો અભૂતપૂર્વ વિકાસ થઈ રહ્યો છે

(૧) દુનિયાભરમાં પવનવિદ્યુત અને સૂર્યવિદ્યુતનો અભૂતપૂર્વ વિકાસ થઈ રહ્યો છે. એટલે પવનથી અને સૂર્યના તડકાથી વીજળીનું ઉત્પાદન ઝડપથી વધી રહ્યું છે અને હજારો મેગાવોટમાં ઉત્પાદન થવા લાગ્યું છે. આવી વીજળી ઉત્પન્ન કરવાના સાધનો કરોડો અને અબજો રૂપિયાના બનવા માંડ્યા છે.

(૨) પવનથી અને સૂર્યથી ઉત્પન્ન થતી વીજળી દિવસે દિવસે સસ્તી થઈ રહી છે. વળી ખૂબ જ નાને પાયે વિકેન્દ્રિત ધોરણે આવી વિદ્યુત ઉત્પન્ન કરવી શક્ય બની છે. એટલું જ નહીં પરંતુ આવી વીજળી સરકારની વીજળી કરતા સસ્તી પણ પડે છે. વળી આ વીજળી બિલકુલ પ્રદુષણ મુક્ત છે. તેથી દુનિયાની તમામ સરકારોને આવી વીજળીને પ્રોત્સાહન આપવાની ફરજ પડી છે.

(૩) તેથી દુનિયાની તમામ સરકારોએ વીજળીના ઉત્પાદનનો પોતાનો ઠેકો પડતો મુકવો પડયો છે અને જનતા વીજળીનું ઉત્પાદન કરી શકે અને ગમે તેને વેચી પણ શકે તેવા કાયદા બનાવવા પડયા છે. તેથી ભારત સરકારે પણ પવનથી અને સૂર્યથી ઉત્પન્ન થતી વીજળી ઉપરનાં નિયંત્રણો ઉઠાવી લેવા પડયા છે. એટલે હવે કોઈપણ માણસ પવનથી કે સૂર્યના તડકાથી વીજળી ઉત્પાદન કરીને વેચવાનો ધંધો કરે તો પણ તેને સરકાર હેરાન કરી શકે એમ નથી.

(૪) દુનિયાભરમાં કઈ જગ્યાએ કેટલો પવન વાય છે. તેમાં સૌરાષ્ટ્ર અને કચ્છ સૌથી વધુ પવનવાળા વિસ્તારમાં આવે છે. એટલે સૌરાષ્ટ્ર અને કચ્છમાં પવનથી વીજળી પેદા કરવાની વિપુલ શક્યતાઓ છે. એટલે ગામેગામ, ખેતરે ખેતરે અને ઘરે ઘરે નાનકડાં જરૂરિયાત મુજબનાં પવનથી ચાલતાં પાવરહાઉસ સ્થાપવા માટેની ભવ્ય અનુકૂળતાઓ પેદા થઈ છે.

(૫) ગામડામાં દરેક ઘર પોતાના ઘર વપરાશ માટે જેટલી વીજળી જોઈએ તે બહુ જ સહેલાઈથી પવનચક્કી મુકીને પેદા કરી શકે છે. અને ૨૪ કલાક મફતમાં વીજળીની સગવડ માણી શકે છે. ઘર માટે ત્રણ ચાર ટ્યુબલાઇટ

અને એક બે પંખા ચલાવવા માટે અઢીથી ત્રણ મીટરનું ૩ પાંખિયાનું પવનચક્ર અને એક નાનકડું મેગ્નેટ જનરેટર પૂરતું થઈ પડે. કોઈપણ વ્યક્તિ પોતાના ઘર ઉપર ત્રણ ઇંચનો પાઇપનો થાંભલો ઊભો કરીને તેને ચાર બાજુએ વાયરના દોરડા બાંધીને તેની ઉપર જનરેટર તથા પવનચક્ર ફીટ કરી શકે છે અને કાયમને માટે મફતમાં વીજળીની મોજ માણી શકે છે. આ રીતે વિદ્યુતકંપનીની ગુલામીમાંથી તથા વિદ્યુતકંપનીની બીકમાંથી કાયમી છુટકારો મળે છે. આવી લગભગ ૧૦ લાખ પવનચક્કીઓ ગામડાના ઘર ઉપર જ ફરતી થાય એવી ભવ્ય શક્યતાઓ સૌરાષ્ટ્ર કચ્છમાં છે. ઘર માટે ટ્યુબલાઇટો તથા પંખા ચલાવવા માટેનું આધુનિક પવનયંત્ર આશરે ૫૦ હજાર રૂપિયામાં મળતું થઈ જશે. જેમાં જનરેટર, પવનચક્ર, બેટરી તથા ટાવરનો ખર્ચ આવી જશે.

(૬) આવી જ રીતે ખેડૂતો પોતાના ખેતરમાં સિંચાઈ માટે થોડી મોટી પવનચક્કીઓ બેસાડી શકે છે. પાંચ કિલો વોટની પવનચક્કી ૬''ના પાઇપના થાંભલા ઉપર આજુબાજુ ચાર જગ્યાએ વાયર રોપ બાંધીને ગોઠવી શકાય છે. તેનાથી સિંચાઈ માટેના સબમર્સિબલ પંપ વગેરે ચાલી શકે છે. મોટી પવનચક્કી માટે ત્રણ પાયાવાળો ટાવર ઊભો કરવો પડે. એટલે દરેક ખેડૂત પોતાના ખેતરમાં એક અથવા વધુ પવનચક્કી બેસાડીને પોતાને સિંચાઈ માટે તથા ખેતીવાડીના ઉદ્યોગો ચલાવવા માટે જોઈતી વીજળી પેદા કરી શકે છે અને વધારાની વીજળી હોય તો પાડોશીને પણ આપી શકે છે. એટલે ખેતીના વિકાસ માટે અને ખેતીના ઉદ્યોગો ખેતર ઉપર જ ચલાવવા માટે સુંદર તક ખેડૂતોના હાથમાં હવે આવી છે. આવતા ૧૦-૨૦ વરસમાં સૌરાષ્ટ્ર કચ્છમાં ૮ થી ૧૦ લાખ જેટલી ખેતરાઉ પવનચક્કીઓ ઊભી થવાની શક્યતા છે. જેનાથી ખેતીનો વિકાસ ખૂબ જ થશે અને ખેતીનું ઉત્પાદન ખૂબ જ વધશે. પાંચ કિલો વોટની પવનચક્કી આશરે એક લાખ રૂપિયામાં બજારમાં મળવા માંડશે.

(૭) ખેતરમાં જે કઈ વિદ્યુત પવનચક્કીઓ બેસાડવામાં આવે તેનાથી સિંચાઈ માટેના પંપો કે સબમર્સિબલ પંપો ચાલશે. પરંતુ જ્યારે સિંચાઈનું કામ ન હોય ત્યારે પણ વીજળીનું ઉત્પાદન તો ચાલુ જ રહેશે. એટલે સ્વાભાવિક

રીતે ખેડૂતો આ વધારાની વીજળીનો ઉપયોગ કરવાનો વિચાર કરશે. અને ખેતપેદાશોના નાના નાના ઉદ્યોગો ખેતરોમાં સ્થાપવા પ્રેરાશે. એટલે કપાસનું જીનીંગ કરવા માટે તથા રૂમાંથી સુતર કાંતવા માટે કે કાપડ વણવા માટે સાવ નજીવી વીજળી જોઈએ. તેથી કાપડનો ઉદ્યોગ ગામડામાં અને ખાસ કરીને ખેતરોમાં જ ચાલવા મંડે તેવી પૂરી શક્યતા છે. આ ઉપરાંત લોટ દળવા માટે, હલર ચલાવવા માટે, ડાંગર છડવા માટે, તેલ કાઢવા કે શેરડી પીલવા માટે આ વધારાની વીજળીનો ઉપયોગ કરવાનું ખેડૂતોને તરત જ સુઝી આવશે. એટલે ખેતપેદાશના ઉદ્યોગો જે આજે શહેરોમાં ચાલે છે તે ખેતરોમાં જ ચાલવા માંડશે. આ રીતે ગામડામાં સમૃદ્ધિનું સર્જન થશે અને રોજગારી પણ મોટા પ્રમાણમાં સર્જાશે.

(૮) આ ઉપરાંત શહેરમાં ચાલતા કેટલાંક ઉદ્યોગો પણ ગામડામાં અને ખાસ કરીને ખેતરોમાં ચાલુ થઈ જશે. દાખલા તરીકે પ્લાસ્ટિક વગેરેના ઉદ્યોગોમાં બહુ વીજળીની જરૂર ના હોય. આવા ઉદ્યોગો ગામડાના ખેતરોમાં ચાલવા માંડશે. કારણ કે ગામડાના ખેતરોમાં વીજળી મફત થશે. ભાડા વગેરે કાંઈ નહીં એટલે ઉત્પાદન ખર્ચ ખૂબ જ ઓછું આવશે. એટલે આવા અનેક પ્રકારના મીકેનીકલ ઉદ્યોગો પણ ગામડામાં ચાલવા મંડશે.

(૯) આમ થશે એટલે ખેતરોમાં મકાનો બાંધવા માંડશે. લોકો ગામને બદલે ખેતરમાં જ રહેવાનું પસંદ કરશે. એટલે રહેવાના મકાનો પણ ખેતરોમાં બનશે. ઉત્પાદન માટેના નાના નાના કારખાના પણ ખેતરોમાં બંધાવા માંડશે.

(૧૦) આવી પરિસ્થિતિમાં ગામડાના જે માણસો રોજગારીને અભાવે પેટીયું કમાવા માટે શહેરોમાં જઈને રહે છે તેમને પાછા ગામડામાં જવાનો વિચાર આવશે અને પોતાના ખેતરોમાં જ નાના એવા મકાન બનાવીને વિદ્યુત પવનચક્કી સ્થાપીને કંઈક ઔદ્યોગીક ઉત્પાદનનું કાર્ય કરવાનું ગોઠવશે અને શહેરોમાં જઈને વેચી આવશે. આ રીતે ઔદ્યોગીક ઉત્પાદન પણ શહેરોમાંથી ગામડામાં ખસવા માંડશે. એટલે કે શહેરીકરણનો પ્રવાહ ઉલ્ટી દિશામાં શહેરોમાંથી ગામડા તરફ માંડશે. આમ થશે ત્યારે ખરેખર જ આપણો દેશ સુખી થશે અને બેરોજગારી અને ગરીબી નાબુદ થશે.

❖ ❖ ❖ ❖ ❖

પવનચક્કી ખરીદતા કે બનાવતા પહેલાં તેના જોખમો વિશે પુરી સમજણ મેળવી લેવી જોઈએ.

પવનચક્કી ખરીદતા કે બનાવતા પહેલાં તેના જોખમો વિશે પુરી સમજણ મેળવી લેવી જોઈએ. પવનચક્કીમાં નીચે પ્રમાણે જોખમો સમાયેલા છે.

(૧) કોઈપણ યંત્ર રાક્ષસી માયા છે. પવનચક્કી પણ એમાં બાકાત નથી. પવનચક્કી કદીપણ ખાલી લોડ વગર ફરવી જોઈએ નહીં. તેના ઉપર સતત ચોવીસેય કલાક લોડ હોવો જરૂરી છે. પવનચક્કીમાંથી વીજળી ઉત્પન્ન થતી હોય તેનો સતત ચોવીસેય કલાક ઉપયોગ થવો જરૂરી છે. જો ઉત્પન્ન થતી વીજળીનો ઉપયોગ કરવામાં ન આવે એટલે કે પવનચક્કી લોડ વગર ચાલે તો પવનચક્કીના પંખાની ઝડપ અતિશય વધી જાય અને તૂટે તો કોઈ માણસને લાગી જાય એવું બને. એટલે પવનચક્કી કદીપણ લોડ વગર ન ચાલે અને સતત લોડ એના પર રહે એ જોવું ખાસ જરૂરી છે. વીજળીનો કાંઈ ઉપયોગ ન હોય તો પાણી ગરમ કરવા માટે તેનો ઉપયોગ કરીને પણ પવનચક્કી ઉપર લોડ સતત રાખવો જરૂરી છે.

(૨) પવનચક્કી ટાવર ઉપર લગાડેલી હોય છે. તેમાં વરસમાં એક બે વાર ગ્રીસ લગાડવાની જરૂર પડે છે. ટાવર ખાલી એક પાઇપ ઉપર હોય તો વાયર રોપના લોખંડના દોરડા બાંધીને બીજાગરા ઉપર ઊભો કરેલો હોય છે. જેથી તેને નીચે ઉતારી શકાય. આ રીતે ટાવર ઊભો કરવામાં તથા પાછો નીચે લાવવામાં ખૂબ સાવધાની રાખવી પડે છે જેથી કોઈ માણસને લાગી ન જાય. જો ટાવર પહોળો હોય અને તાણીયા વગર ઊભો હોય તો તેની ઉપર ચડેલ માણસના હાથમાંથી કોઈ ચીજ વસ્તુ પડી જાય અને નીચે ઉભેલા માણસને લાગે તો જીવના જોખમ પણ હોય છે. તો આ બધી બાબતોની ખાસ કાળજી રાખવી જરૂરી છે.

(૩) પવનચક્કી વીજળી ઉત્પન્ન કરતી હોવાથી વીજળીના બધા જોખમો પણ લાગુ પડે છે. ૧૨ વોલ્ટનો પાવર હોય તો જીવતા વાયરને પણ અડી શકાય અને આંચકો ન લાગે. પરંતુ વધુ વોલ્ટેજ હોય અને જીવતા વાયરને અડી જવાય તો જીવનું જોખમ હોય છે. તો આ બાબતની તમામ કાળજી લેવી જરૂરી છે.

(૪) ટાવર ઉપર ચડવાનું હોય ત્યારે પવનચક્કીનું પાંખિયું માણસને અડી ન જાય તેની સંપૂર્ણ સમજણ મેળવી લીધા પછી જ ઉપર ચડવું જોઈએ. પવનની દિશા બદલે ત્યારે પંખાની દિશા પણ આપો આપ બદલે. તે વખતે પણ પાંખિયું ઉપર ચડેલા માણસોને ન અડે તે પ્રમાણેની તમામ વ્યવસ્થા હોય તે સમજીને પછી જ ઉપર ચડવું જોઈએ.

(૫) કોઈ પણ જાતની બેદરકારી પ્રાણઘાતક સાબિત થઈ શકે છે તે વાત બરાબર ધ્યાનમાં રાખવી જોઈએ.

(૬) આપણે ઘણી જોખમી ચીજોનો કાયમી ઉપયોગ કરતા હોઈએ છીએ. જેમ કે રેફ્રીજરેટરમાં પ્રાણઘાતક ઝેરી વાયુ ભરેલો હોય છે. તે ખોરાકમાં ભળે તો આપણું મૃત્યુ થાય. વીજળીનો આપણે કાયમ ઉપયોગ કરીએ છીએ. તેનો સ્પર્શ થઈ જાય તો મૃત્યુ થાય. તેના જોખમ આપણે સમજીએ છીએ. એ જ રીતે પવનચક્કીના જોખમો પણ સમજી લેવા જોઈએ અને કદીપણ ખોટું જોખમ કરવું ન જોઈએ.

❖ ❖ ❖ ❖ ❖

ટચુકડી તેલ મીલોના આર્થિક સામાજિક ફાયદા

ગાંધીજીએ કીધું છે કે જો આપણે અન્યાય અને શોષણથી મુક્ત એવી ન્યાયપૂર્ણ સમાજની રચના કરવી હોય તો મનુષ્યની પ્રાથમિક જરૂરિયાતો એટલે અનાજ, કઠોળ, દૂધ, તેલ, ગોળ, ચોખા, કપડા, પગરખા, મકાન વગેરેના ઉત્પાદનના સાધનો આમ પ્રજાની માલિકીના અને તેમના હાથમાં હોવા જોઈએ. આમ પ્રજાની માલિકીના તો જ હોય કે જો એ સાધનો નાના હોય, સસ્તા હોય, સાદા હોય, આમ જનતા સમજી શકે તથા તેમને પોષાય એવા હોય, તો જ આમ પ્રજાના હાથમાં તે હોઈ શકે. દાખલા તરીકે તેલ મનુષ્યની પ્રાથમિક જરૂરિયાત છે. તો તેલની મોટી ઓઇલ મીલો ના હોવી જોઈએ, પરંતુ ગામેગામ તેલઘાણી કે ટચુકડી તેલમીલો હોવી જોઈએ, જેમાં લોકો પોતાનું તેલ કઢાવી શકે. ચોખા સમાજની પ્રાથમિક જરૂરિયાત છે. તો ડાંગરમાંથી ચોખા કાઢવા માટે મોટી રાઇસ મીલો ના હોવી જોઈએ. પરંતુ ગામે ગામ કે ખેતરે ખેતરે નાનકડા રાઇસ હલર હોવા જોઈએ જે ખેડૂતો પોતે જ વસાવી શકે અને પોતાની ડાંગરમાંથી ચોખા કાઢી શકે. એ જ રીતે કાપડ માટે મોટી ટેક્ષટાઇલ મીલો ના હોવી જોઈએ પણ કપાસમાંથી રૂ તથા કપાસિયા છૂટા પાડવાના જીનીંગ મશીનો ગામે ગામ ખેડૂતોની માલિકીના હોવા જોઈએ તથા રૂ કાંતવાના અંબર ચરખા જેવા નાના મશીનો ઘરે ઘરે હોવા જોઈએ. કાપડ વણવા માટે પણ હાથથાળ કે પાવરલૂમ (યંત્રશાળ) પણ ઘરે ઘરે અને ગામે ગામ હોવી જોઈએ. આમ થાય તો જ આખા સમાજને સ્વતંત્ર કામ ધંધા મળે, બેકારી ના રહે અને આખા સમાજમાં સુખ અને સમૃધ્ધિ વધે. મકાનની સામગ્રી, ચૂનો, સીમેન્ટ, ઇંટો, લાદી, નળિયા વગેરે પણ ગામમાં કે ગામના સમૂહમાં બનાવી શકાય. વીજળી પણ ખેતરે ખેતરે પેદા કરી શકાય. મોટા પાવર હાઉસો ના જ હોવા જોઈએ. આ રીતે ગામ પોતાની જરૂરિયાતો બાબતમાં સ્વતંત્ર અને સ્વાવલંબી થઈ જાય તો સરકાર કે બહારની સત્તા તેને દબાવી ના શકે કે શોષણ ના કરી શકે. આનું નામ જ ગ્રામ સ્વરાજ. ગાંધીજી આવું સ્વદેશી ભારત ઉભું કરવા માગતા હતા.

ખાદ્ય તેલ ઉદ્યોગના કિસ્સામાં આ બાબત કેવી રીતે પરિપૂર્ણ થાય છે તે આપણે અમારા છેલ્લા ૨૮ વરસના વ્યવહારૂ અનુભવ ઉપરથી જોઈએ. અમારા પ્રયત્નોથી ખાસ કરીને સૌરાષ્ટ્રમાં ૫૦૦ જેટલી ટચુકડી તેલમીલો ગામડામાં સ્થપાયેલી છે અને તે બહુ સારી રીતે ચાલે છે. ટચુકડી તેલમીલો અને મોટી ઓઇલ મીલોમાં એક

જ સરખી ટેક્નોલોજી વપરાય છે. એક્સપેલર, ફિલ્ટર પ્રેસ, બોઇલર, સીંગફોલ મશીન વગેરે બન્નેમાં એક જ સરખા હોય છે. ફક્ત ફરક એટલો જ છે કે ટચુકડી તેલમીલોમાં મશીન નાનકડા હોય છે અને મોટી ઓઇલ મીલોમાં તે જ પ્રકારના મશીનો બહુ મોટા હોય છે. પરંતુ બન્ને પ્રકારની મીલોની સમાજ ઉપર આર્થિક સામાજિક અસરો તપાસીએ તો આસમાન જમીનનો ફરક દેખાઈ આવે છે. ટચુકડી તેલમીલો સમાજને શુધ્ધ તેલ પુરૂં પાડે છે અને મોટી ઓઇલ મીલો સમાજને ભેળસેળ, આરોગ્યને હાનિકારક તેલ ખાવા મજબૂર કરે છે અને સમાજનું પુષ્કળ શોષણ કરે છે.

આ બાબત હવે વિસ્તારથી મુદ્દાસર આપણે સમજીએ.

(૧) ગામડામાં ચાલતી ટચુકડી તેલમીલો પીલાણ મજૂરીના ધોરણે ચાલે છે. એટલે જેમ લોટ દળવાની ઘંટીમાં લોકો ઘઉં દળાવવા જાય છે એ જ રીતે ટચુકડી તેલમીલમાં લોકો પોતાની મગફળીનું તેલ કઢાવવા જાય છે. મીલ માલિકને પીલામણ મજૂરી આપીને પોતાનું તેલ, ખોળ લોકો પોતાને ઘરે લઈ જાય છે. આ વ્યવસ્થામાં મગફળી, તેલ, ખોળ વગેરે ચીજોની ખરીદી કે વેંચાણ થતા નથી. આ પ્રવૃતિ મોટી ઓઇલ મીલોથી તદ્દન જુદી જ છે. મોટી ઓઇલ મીલોમાં મગફળી ખરીદાય છે. મીલમાં તે પીલાય છે. તેમાંથી નીકળેલ તેલ, ખોળ દૂર દૂર સુધી વેંચાણ માટે જાય છે.

(૨) ટચુકડી તેલ મીલોમાં જે ઉત્પાદન થાય છે તે વપરાશને માટે છે. જે માણસો તેલ કઢાવવા આવ્યા છે તેમને ખાવા માટે ઉત્પાદન થાય છે, આજે પીલાતી મગફળીનું તેલ કોણ ખાવાનું છે તે અગાઉથી નક્કી થયેલ છે. જ્યારે મોટી ઓઇલ મીલોમાં જે ઉત્પાદન થાય છે તે ક્યાં વેચાશે, ક્યા શહેરમાં જવાનું છે, કોણ ખાવાનું છે તે કોઈ જાણતું નથી. ઉત્પાદન થયા પછી એજન્ટો મારફત તેલનું વેચાણ દૂર દૂરના સ્થળે થાય છે અને ત્યાંના વેપારીઓ પાસેથી નાના વેપારીઓ પાસે અને ત્યાંથી વપરાશકારો પાસે તે પહોંચે છે. આમ મીલમાલિકને ગ્રાહક વચ્ચે કોઈ જ નાતો નથી. ગ્રાહકો પણ એ જાણતા નથી કે આ તેલ ક્યાંથી આવ્યું છે. આ રીતે મીલમાલિક અને ખાનાર વચ્ચે કોઈ જ સંબંધ નહીં હોવાથી

મોટી ઓઇલ મીલોના તેલમાં મોટા પાયે ભેળસેળ થાય છે. તે એટલે સુધી કે શુધ્ધ તેલ બજારમાં મળવું જ શક્ય ના રહ્યું. જ્યારે ટચુકડી તેલમીલોમાં ભેળસેળ શક્ય જ નથી. કારણ કે તેલ કઢાવનાર ગ્રાહ ત્યાં હાજર જ હોય છે. વળી પીલાણ કરાવવા આવનારા માણસો ટચુકડી મીલના માલિકના સીધા સંપર્કમાં હોય છે. ગામમાં પણ બધા જ માણસો તેને ઓળખતા હોય છે, જાણીતા હોય છે. એટલે ત્યાં ભેળસેળને જરાપણ અવકાશ નથી.

(૩) મોટી મીલોમાં લાખો ડબા તેલ બનીને દેશમાં જુદા જુદા સ્થળે એજન્ટો મારફત તે તેલ વેંચાય છે. તેથી આ તેલમાં ભારે મોટી સટ્ટાખોરી થાય છે. મોટા સટ્ટાખોરો તેલના ભાવ ઉંચા નીચા લઈ જઈ શકે છે અને તેમાંથી કરોડો રૂપિયા કમાય છે. ટચુકડી તેલ મીલમાં વપરાશને માટે પીલાણ કરી આપવામાં આવે છે. તેથી તેમાં સટ્ટાખોરી જરાપણ સંભવ નથી.

(૪) મોટી ઓઇલ મીલો સાથે સંઘરાખોરી અને નફાખોરી મોટા પાયે સંકળાયેલી હોય છે. કારણ કે મોટી મીલોને બહુ મોટા જથ્થામાં મગફળીનો સ્ટોક રાખવો પડે છે. તેથી તે સ્ટોકમાં પડેલી મગફળીનો ભાવ વધી જાય તો તેમને વધારાનો નફો મળે. તેથી મોટી ઓઇલ મીલો હંમેશા આવું ઈચ્છે કે જ્યારે તેમને મગફળી ખરીદવાની હોય ત્યારે ભાવ ઓછા હોય તો સારૂ અને પછી મગફળીનો સ્ટોક કર્યો હોય તેના ઉંચામાં ઉંચા ભાવ મળે તો સારૂ. તેથી મોટી ઓઇલ મીલો હંમેશા સંઘરાખોરી ને પ્રોત્સાહન આપે છે અને તેમાંથી વધુમાં વધુ નફાખોરી કરવા ઈચ્છે છે. આની સામે ટચુકડી તેલમીલો ફક્ત મજૂરી લઈને પીલાણ કરતી હોવાથી સંઘરાખોરી કે નફાખોરીને જરાપણ સ્થાન તેમાં નથી.

(૫) ટચુકડી તેલ મીલો ગામડામાં સ્થપાયેલી છે. તેથી ગામના સ્થાનિક માણસો ત્યાં ને ત્યાં જ તેલ કઢાવે તેમાં ટ્રાન્સપોર્ટ ખર્ચ બીલકુલ થતું નથી. આ રીતે ગામે ગામ તેલમીલ હોય તો કોઈને પણ ટ્રાન્સપોર્ટ ખર્ચ ન લાગે. આ આદર્શ વ્યવસ્થા થાય. આની સામે મોટી ઓઇલ મીલોમાં જે મગફળી કે તેલિબિયા આવે છે તે ૫૦ કિ.મી. થી ૨૦૦ કિ.મી. દૂરથી

આવે છે અને તેનું તેલ વેંચાણ ઘણે દૂર દૂર થતું હોય છે. સામાન્ય રીતે ૧૦૦ થી ૫૦૦ કિ.મી. દૂર જાય છે અથવા ક્યારેક ૧૦૦૦ થી ૨૦૦૦ કિ.મી. પણ દૂર જાય છે. આ રીતે મોટી ઓઇલ મીલોમાં પુષ્કળ ટ્રાન્સપોર્ટ ખર્ચ થાય છે. આ રીતે મોટા ઓઇલ મીલો રાષ્ટ્રીય સંપતિનો બહુ મોટો વેડફાટ કરે છે.

(૮) મોટી ઓઇલ મીલો માટે મગફળી અને તેલિબિયા વેપારીઓ, એજન્ટો મારફત કે માર્કેટ યાર્ડમાંથી ખરીદી થાય છે. તેમાં વજનમાં, કચરા માટે કપાતી કડઘટ, ડોડવામાંથી કેટલા દાણા નીકળશે તે માટે કાઢવામાં આવતો ઉતારો, આ બધા ધોરણો મીલોની તરફેણમાં અને ખેડૂતોની વિરૂધ્ધમાં ગોઠવાયેલા હોય છે અને તેથી ખેડૂતોને તે હંમેશા અન્યાય કરનારા હોય છે. ટચુકડી તેલ મીલોમાં ખરીદી થતી નહીં હોવાથી ખેડૂતો અન્યાયથી બચી જાય છે. ખેડૂતો પોતાના ઘરવપરાશ પૂરતું તેલ ટચુકડી તેલમીલોમાં કઢાવે છે તેને બદલે પોતે ઉત્પન્ન કરેલ તમામ મગફળી કે અન્ય તેલિબિયાનું પીલાણ ટચુકડી તેલ મીલોમાં કરાવીને શુધ્ધ તેલના ડબ્બા શહેરોમાં સીધા જ વપરાશકારોની સહકારી મંડળીઓને કે જુદા જુદા લત્તામાં વેંચે તો તમામ વચેટિયા નીકળી જાય અને ખેડૂતો અને વપરાશકાર શહેરીજનો સીધા સંપર્કમાં આવી જાય અને બન્ને પક્ષે લાભ થાય. ખાસ કરીને અમદાવાદ જેવા શહેરોમાં લાખો લોકો શુધ્ધ તેલ ખાવા તલસે છે, તેમને શુધ્ધ તેલ યોગ્ય ભાવે મળી રહે અને ખેડૂતોને પોતાની ખેત પેદાશના ઉંચા ભાવ મળે અને પોતાની ખેતપેદાશના ભાવ પોતે જ નક્કી કરે એ સ્થિતિ પેદા થાય.

(૯) મોટી ઓઇલ મીલનો માલિક ધનવાન હોય છે અને તેમાં ૨૫-૫૦ માણસો કામ કરતા હોય તે સાવ મજૂરો જ હોય છે. આ રીતે એક ધનવાન માલિક અને ૫૦ ગરીબ મજૂરો વચ્ચે આવકની તથા સામાજિક સ્થિતિની ભારે મોટી અસમાનતા સર્જાય છે. ટચુકડી તેલ મીલનો માલિક સામાન્ય માણસ કે ખેડૂત હોય છે અને તે પણ પોતાની મીલમાં શારીરિક મજૂરીનં કામ કરતો હોય છે. તેથી તેમાં કામ કરનારા એક બે મજૂરો

મીલ માલિક સાથે તાદાત્મ્ય અનુભવે છે અને સમાજમાં માલિક મજૂરના ભેદ ઉભા થતા નથી અને સમાનતા જળવાય છે.

(૧૦) મોટી ઓઇલ મીલોમાં ઉત્પાદન ઘણું મોટું હોય છે. દરરોજ ૫૦૦થી ૧૦૦૦ ડબા. તેથી તેમનો દૈનિક વકરો (ટર્ન ઓવર) લાખોને લાખો રૂપિયા હોય છે. તેથી મોટી મીલોની શોષણ શક્તિ ઘણી વધારે હોય છે. જ્યાં મોટી રકમની ઉથલપાથલ થતી હોય ત્યાં ગરબડ, ગોટાળા, ગેરવ્યવસ્થા વગેરે મોટા પાયે થવાની શક્યતા હોય છે. આ બધું આખરે સમાજના શોષણમાં જ પરિણમે છે. ટચુકડી તેલમીલની ઉત્પાદન ક્ષમતા સાવ નાની હોય છે. તેથી ત્યાં શોષણને બહુ જ થોડો અવકાશ છે. વળી પીલાણ મજૂરીના ધોરણે આવી મીલો ચાલતી હોવાથી કોઈપણ જાતના ગોટાળા કરવા સંભવ નથી.

(૧૧) મોટી ઓઇલમીલોને મગફળી કે તેલિબિયાનો જંગી સ્ટોક રાખવો પડે છે. ૧૦૦૦ ડબાની મોટી મીલને દરરોજ ૫૦ ટન મગફળી જોઈએ. તે રોજે રોજ ખરીદી શકાતી નથી. ઓછામાં ઓછા એક મહિનો ચાલે એટલો તો સ્ટોક રાખવો પડે. એટલે ૫૦ ટન x ૩૦ દિવસ = ૧૫૦૦ ટન મગફળીનો સ્ટોક કરે પછી જ મિલ ચલાવવાનો મજૂરીનો કોન્ટ્રાક્ટ આપી શકાય. તો ૧૫૦૦ ટન મગફળી સાચવવા માટે મોટા સ્ટોર, ગોડાઉન પોતાના કે ભાડે રાખવા પડે. ૧૫૦૦ ટન મગફળીની કિંમત આશરે ૪ થી ૫ કરોડ રૂપિયા થાય. આટલી મોટી રકમ મીલ માલિક પાસે ના હોય. તેથી બેન્કમાંથી મોટી રકમની લોન લેવી પડે, તેનું ભારે વ્યાજ ચૂકવવું પડે. આ રીતે મોટી ઓઇલ મીલોમાં ભાડા, વ્યાજ વગેરે ચડતા હોય છે જે આખરે તેલના ભાવ ઉપર ચડે છે અને આખરે તે આખા સમાજને તે ભોગવવા પડે છે. ટચુકડી તેલમીલોમાં મગફળીનો સ્ટોક રાખવાનો નથી હોતો. ફક્ત ૧૦૦ કિલોના પીલાણ માટે પણ ટચુકડી મીલ ચાલુ કરી શકાય. તેથી ભાડા, વ્યાજનો સવાલ જ રહેતો નથી. તેથી ટચુકડી તેલ મીલો આ દુષણથી સંપૂર્ણપણે મુક્ત છે.

(૧૨) મોટી ઓઇલમીલો ખરીદી તથા વેંચાણ માટે કમીશન, એજન્ટો, વિતરકો, તેલના વેપારીઓ વગેરેનો આધાર લઈને આખી વેંચાણ વ્યવસ્થા તથા

ખરીદીની વ્યવસ્થા ગોઠવે છે. વેંચાણ માટે જાહેરખબરો આપવી પડે છે. તેમાં મહદઅંશે અસત્યનો સહારો લેવાય છે. તેથી મોટી ઓઇલ મીલોને કમીશન એજન્ટોની દલાલી ચૂકવવી પડે છે, વેપારીઓને કમીશન આપવું પડે છે. જાહેરાતોના ખર્ચા ભોગવવા પડે છે. ટચુકડી તેલ મીલોમાં આવું એક રૂપિયાનું પણ ખર્ચ નથી હોતું. ગામડાંમાં તો તમામ ગ્રામવાસીઓ તેના ગ્રાહકો હોય છે. તેમાં કોઈપણ પ્રચાર કરવાની જરૂર ના પડે. ટચુકડી તેલ મીલ શહેરમાં હોય તો પણ આજુબાજુના પડોશીઓ અને નજીકના વિસ્તારના લતાઓ જ તેમના ગ્રાહકો હોય છે. તેથી ટચુકડી તેલ મીલના માલિકને ઓળખીતા માણસો સાથે જ કામ પાડવાનું હોય છે. તેથી કોઈપણ જાતનો અનિષ્ટ વ્યવહાર ટચુકડી તેલ મીલમાં થઈ શકતો નથી અને કોઈપણ ખોટું ખર્ચ પણ તેમાં કરવું જરૂરી નથી.

(૧૩) મોટા ઓઇલ મીલોમાં મજૂરો ક્યારેક હડતાલ પાડે, આંદોલન કરે, પોતાના શોષણ માટે પગાર વધારો કરવા કામ બંધ કરે, ધરણા કરે એવું બને. તેથી મોટી મીલના માલિકે મજૂર કાયદાના નિષ્ણાંતોને રોકવા પડે, કરવેરાના સલાહકારો રાખવા પડે, હિસાબનીશો રાખવા પડે, વકીલો રાખવા પડે, આવા ખોટા ખર્ચા મોટી ઓઇલ મીલોમાં થાય છે. ટચુકડી તેલ મીલમાં આવું કાંઈપણ ખર્ચ હોતું નથી.

(૧૪) આખા દેશમાં કેન્દ્રીત ધોરણે જેના જાળા ગુંથાયેલા છે એવી વહીવટી અને નાણાકીય અમલદારશાહીની સંસ્થાઓ, જેવી કે બેન્કો, ટેલીફોન, વીમો, ટ્રાન્સપોર્ટ જેવી સેવાઓ વગર મોટી ઓઇલ મીલો એક દિવસ પણ ચાલી ના શકે. દરરોજ લાખો રૂપિયા બેન્કમાં જમા કરાવવા પડે કે ઉપાડવા પડે. દરરોજ સેંકડો ટેલીફોન કરવા પડે. દરરોજ મગફળીની ટ્રકો ઉતારવી પડે, દરરોજ તેલની ટ્રકો ભરવી પડે જે દૂર દૂર સુધી જતી હોય. આ રીતે આખા દેશના આંતર માળખાકીય વ્યવસ્થાના જાળા સાથે મોટી ઓઇલ મીલો જોડાયેલી હોય છે. આ સેવાઓથી તદ્દન અલગ એવું તેનું સ્વતંત્ર અસ્તિત્વ સંભવ નથી. એટલે મોટી ઓઇલ મીલો ખરૂ સ્વરાજ ઉભું કરતી નથી. જ્યારે ટચુકડી તેલ મીલોને બેન્કો, ટેલીફોન,

વીમો, ટ્રાન્સપોર્ટ અને એવી આંતર માળખાકીય સેવાઓની બિલકુલ જરૂર નથી. તેથી ટચુકડી તેલ મીલો ખરૂ સ્વરાજ ઉભું કરે છે. બેન્કો તૂટી જાય, ટેલીફોન સેવા બંધ થઈ જાય, પેટ્રોલ ડીઝલ બંધ થાય અને ટ્રાન્સપોર્ટ પડી ભાંગે તો પણ ટચુકડી તેલ મીલો જરા પણ વિક્ષેપ વગર ચાલુ રહી શકે. આ ખરૂં સ્વરાજ છે. આ જ ખરૂં સ્વદેશી છે. અત્યારે આમાં એક ખામી છે. વીજળી બહારથી આવે છે અથવા ડીઝલ એન્જીનથી ટચુકડી તેલ મીલ ચાલતી હોય તો તે પણ બહારથી આવે છે. પરંતુ નજીકના ભવિષ્યમાં ટચુકડી તેલ મીલો વરાળથી ચાલતી હશે અથવા સૂર્યશક્તિથી ચાલતી હશે. એટલે ટચુકડી તેલ મીલ શુધ્ધ, સ્વદેશી તેલ આપશે અને સ્વરાજનું આર્થિક હથિયાર બની રહેશે.

(૧૫) મોટી ઓઇલ મીલો એ ખરીદવેરો, વેચાણવેરો વગેરે કરવેરા ભરવા પડે છે જે તેલની કિંમતમાં ઉમેરાય છે. ટચુકડી તેલમીલોમાં ખરીદી કે વેચાણ થતા જ નથી. તેથી આવા કરવેરા લાગતા નથી. આનો ફાયદો ખરેખર ગ્રામ્યવર્ગને અને સામાન્ય પ્રજાને મળે છે.

(૧૬) મોટી ઓઇલ મીલોએ મીલ ચાલુ કરતાં પહેલા આગોતરૂં આયોજન કરવું પડે છે. મીલોમાં કામ કરનારા ૨૫-૫૦ મજૂરોની વ્યવસ્થા કરવી પડે છે અથવા તો મજૂરનો કોન્ટ્રાક્ટ આપવો પડે છે. આ કોન્ટ્રક્ટર ત્રણ ચાર કે છ મહિના સુધી મીલ ચલાવવા માટે હોય છે. તેથી વચ્ચે ક્યારેય મીલ બંધ કરી શકાય નહીં. એટલે માલનો પૂરતો સ્ટોક કરવો પડે અને જરૂરી મગફળી કે તેલીબિયાના ટનના ટન મોઢે સતત મળ્યા જ કરશે એવી વ્યવસ્થા પાક્કી ગોઠવવી પડે છે. આવું આગોતરૂં આયોજન ટચૂકડી તેલ મીલમાં જરૂરી જ નથી. દિવસમાં બે વખત પણ ટચુકડી મીલ મન પડે ત્યારે ચાલુ કે બંધ કરી શકાય.

(૧૭) મોટી ઓઇલ મીલોમાં દરરોજ ૪૦-૫૦ ટન મગફળી કે તેલિબીયાનું પીલાણ થતું હોવાથી નાના નાના જથ્થામાં સેંકડો માણસો પાસેથી દરરોજ ૪૦-૫૦ ટન માલ ભેગો કરવો અનુકૂળ ના પડે અને તે મોંઘું પડી જાય. તેથી મોટી ઓઇલ મીલો મોટા જથ્થામાં બે ચાર જગ્યાએથી જ આખા દિવસનો જરૂરી માલ મળી રહેતો હોય ત્યાં સુધી જ તે ચાલી

શકે. પરંતુ નાના નાના અનેક ખેડૂતો પાસેથી ૧૦૦-૨૦૦ કે ૩૦૦ કીલો માલ ભેગો કરીને ૫૦ ટન દરરોજ ભેગો ના થાય. એટલે બજારમાં માલ હોય પણ નાના નાના જથ્થામાં અનેક જગ્યાએ હોય તો પણ મોટી ઓઇલ મીલ તે ભેગો કરવાનો વહીવટ ગોઠવી ના શકે એટલે મીલ બંધ કરવી પડે. એટલે મોટી ઓઇલ મીલોની પીલાણ સીઝન વરસમાં પાંચ-સાત મહિના પૂરતી જ હોય છે. જ્યારે ટચૂકડી તેલ મીલોને ૫૦-૧૦૦ કિલો મળે તો તેટલું પણ પીલી આપે. તેથી ટચૂકડી તેલ મીલની પીલાણ સીઝન દસેક મહિના ચાલુ રહે છે. આ રીતે નાના નાના હજારો ખેડૂતોને તો ટચુકડી તેલ મીલ જ આશીર્વાદરૂપ થઈ પડે છે.

(૧૮) એક ટનની પીલાણ ક્ષમતા દીઠ મૂડીરોકાણ કેટલું એવી સરખામણી કરીએ તો મોટી ઓઇલ મીલો છ મહિના જ ચાલતી હોવાથી તેનું મૂડીરોકાણ ટન દીઠ બમણું ગણાય. ટચુકડી મીલો આખું વરસ ચાલતી હોવાથી તેનું મૂડી રોકાણ ટન દીઠ મોટી મીલ કરતા અર્ધું જ ગણી શકાય.

(૧૯) વ્યવહારમાં ટચુકડી તેલ મીલને ૧ ટન માલ પીલાણનું ખર્ચ ૫૦૦/- રૂ. જેટલું આવે છે. મોટી મીલોવાળા તે ખર્ચ ૧૦૦૦/- રૂ. જેટલું ગણે છે, કારણ કે તેને વ્યાજ, ઘસારો, ભાડા તથા ઘણા મોટા ખર્ચા આવે છે. જે ટચુકડી તેલ મીલમાં નથી. વળી દૈનિક ૨૦૦ ટનથી મોટી રાક્ષસી મીલોમાં તો ટન દીઠ પીલાણ ખર્ચ ૨૦૦૦/- રૂ. ગણવામાં આવે છે. આનો અર્થ સ્પષ્ટ છે કે મોટે પાયે ઉત્પાદન સસ્તું પડે છે એવું કોલેજોમાં ભણાવવામાં આવે છે તે સિધ્ધાંત અહીં સાચો ઠરતો નથી. વાસ્તવમાં ટચુકડી તેલ મીલમાં ખર્ચ સાવ ઓછો આવે છે અને ઓઇલ મીલની સાઇઝ જેમ જેમ મોટી થતી જાય છે તેમ તેમ ટન દીઠ પીલાણ ખર્ચ તેમનું વધતું જાય છે.

(૨૦) મોટી ઓઇલ મીલોને ક્યારેક એકાએક બંધ કરવી પડે છે. કારણ કે બજારમાં 'ડીસપેરીટી' ઉભી થાય છે. એટલે કે સટ્ટાખોરી, સંઘરાખોરીને કારણે મગફળી તથા પીલાણ ખર્ચનો સરવાળો તેલ અને ખોળના વેચાણથી વધી જાય અને મીલમાં ખોટના સંજોગો ઉભા થાય. એટલે મીલો બંધ કરી દેવી પડે. ટચુકડી તેલ મીલો મજૂરીના ધોરણે ચાલતી હોવાથી તેમાં આવી પરિસ્થિતિ કદી પણ ઉત્પન્ન ના થાય. જ્યારે

'ડીસપેરીટી' હોય અને મોટી મીલો બંધ હોય ત્યારે પણ ટચુકડી તેલ મીલો ચાલુ હોય છે.

(૨૧) મોટી ઓઇલ મીલો ચોકીદારો રાખે છે અને બહારના માણસો ત્યાં જઈ શકતા નથી. તેથી મોટી ઓઇલ મીલોમાં તેલમાં મોટા પાયે ભેળસેળ થાય છે. દરરોજ ૧૦૦૦ ડબ્બાનું ઉત્પાદન હોય અને થોડીક ભેળસેળ કરવાથી ડબે ફક્ત ૨૦ રૂ.નો જ ફાયદો મળી રહેતો હોય તો મોટી મીલના માલિકને ૨૦૦૦૦ રૂ./-નો ભેળસેળનો નફો દરરોજ મળે. આવડી મોટી લાલચને તેઓ રોકી શકતા નથી. એટલે ગમે એવા કાયદા હોય તો પણ આજે તેલમાં મોટા પાયે ભેળસેળ થાય છે. ટચુકડી તેલ મીલોમાં ચોકીદાર ના હોય. ગમે તે માણસ ત્યાં જઈ શકે. યુવાનો કે વિદ્યાર્થીઓ ફક્ત કુતુહલવશ થઈને ત્યાં જઈને જુએ તો મીલ માલિક કોઈને ના ન કહે. ગામડામાં કાંઈ ખાનગી હોતું નથી. ક્યારેક નિવૃત્ત માણસો આવી મીલો પર ખાલી બેસવા જતા હોય છે. પીલાણ કરાવવા આવનાર માણસો પણ મીલોમાં આંટા મારે, કંઈક જુએ, શીખે, કામ કરે એવું વાતાવરણ હોય છે. એટલે ત્યાં ભેળસેળ થઈ શકતી નથી કે કોઈપણ જાતની અપ્રમાણિકતા આચરી શકાતી નથી.

(૨૨) ટચુકડી તેલ મીલોનો એક મોટો લાભ એ થાય છે કે મીલનું વિજ્ઞાન અને ટેક્નોલોજી આપોઆપ ફેલાવા લાગે છે. ત્યાં કામ કરતા માણસો મીલ ચલાવવાનું જ્ઞાન મેળવી લ્યે છે અને નિષ્ણાંત બની જાય છે. પીલાણ કરાવતા માણસો પણ તે શીખી લ્યે છે અને નિષ્ણાંત બની જાય છે. ૧૦૦ કિલો મગફળીમાંથી ૭૨ કિલો દાણા અને ૨૮ કિલો ફોતરી નીકળે તે ગામના ઘણા માણસો જાણતા થઈ જાય. ૧૦૦ કિલો મગફળીમાંથી ૨ ડબા તેલ નીકળે તે જ્ઞાન સામાન્ય બની જાય છે. તેથી ગામડાના માણસો આત્મવિશ્વાસ કેળવે છે અને નવી જગ્યાએ મીલો કરવાનો નિર્ણય કરે છે. એટલે આ ટેક્નોલોજી ખાનગી રહેતી નથી. રીપેરીંગ થતું હોય ત્યારે સ્કૂલમાં ભણતા વિદ્યાર્થીઓ પણ મીલની મશીનરીની અંદર શું હોય છે અને તે કામ કરે છે તે સમજી લ્યે છે. આ વ્યવહારૂ જ્ઞાન તેમને ભવિષ્યના કુશળ કારીગર કે કુશળ ઉદ્યોગકાર

બનવામાં કામ લાગે છે. આ રીતે ટચુકડી તેલ મીલોના સામાજિક લાભ રૂપિયામાં માપી ના શકાય એટલા મોટા છે. એકવાર ટચુકડી તેલ મીલ સફળતાથી ચલાવે તેને બીજા ગ્રામ્ય ઉદ્યોગોમાં પણ રસ પડે છે. ગ્રામ્ય વિકાસની નવી દિશાઓ ખુલવા માંડે છે.

ઉપરના બધા મુદ્દાઓ ઉપરથી ખ્યાલ આવશે કે મોટી ઓઇલ મીલ અને ટચુકડી તેલ મીલમાં બધા મશીનો એક સરખા હોવા છતાં ફક્ત મોટા કે નાના કદને કારણે જ તેની સામાજિક અસરમાં આસમાન જમીનનું અંતર પડી જાય છે. મોટી ઓઇલ મીલ સમાજનું શોષણ કરનારૂ ઘાતક પરિબળ છે અને તેથી દુષણ છે. જ્યારે ટચુકડી તેલ મીલ સમાજને પોષક અત્યંત ઉપયોગી અને ઉપકારક અને આશીર્વાદરૂપ ગ્રામોદ્યોગ છે. તેથી જેમ લોટ દળવાની ઘંટી ગામે ગામ હોય છે તે જ રીતે તેલ કાઢવાની ટચુકડી મીલ ગામે ગામ હોવી જોઈએ. આ રીતે ગુજરાતમાં દસેક હજાર ટચુકડી તેલ મીલો માટે આકર્ષક અવકાશ રહેલો છે. આખા દેશમાં ૨ કરોડ ટન તેલિબિયાનું ઉત્પાદન છે અને ૬૦૦૦૦ કરોડ રૂપિયાનો કુલ બીઝનેસ છે. એમાં જંગી શોષણ થાય છે તે બે લાખ ટચુકડી તેલ મીલો સ્થાપીને નાબૂદ કરી શકાય એમ છે.

પૈસાવાળાઓ પોતાનો પૈસો અને તેને લીધે મળતી સત્તા એ બન્ને આપમેળે રાજીખુશીથી છોડી દઈ સર્વના કલ્યાણને માટે બધાંની સાથે મળીને વાપરવાને તૈયાર નહીં થાય તો હિંસક તેમ જ ખૂનખાર ક્રાંતિ અહીં થયા વિના રહેવાની નથી એમ ચોક્કસ સમજવું.

ગાંધીજી

❖ ❖ ❖ ❖ ❖

ધર્મ નીતિની દૃષ્ટિએ ખાંડ

આ બાબતને ધર્મ અને નીતિની દૃષ્ટિએ અને પાપ અને પુણ્યની દૃષ્ટિએ વિચારવું જોઈએ.

(૧) મોટી સ્યુગર ફેક્ટરીમાં ૫૦ કરોડ રૂપિયાથી વધારે મૂડીરોકાણ થાય છે. આટલું મૂડીરોકાણ અબજપતિઓ જ કરી શકે. જો આપણે દેશમાં અબજપતિઓએ બનાવેલી ચીજ વસ્તુઓ વાપરીએ તો આપણા દેશમાં અબજપતિઓ જ વધશે અને ગરીબી, બેકારી, ભૂખમરો અને અસમાનતા વધતી જ જશે. એટલે ખાંડ અબજપતિઓની ચીજ હોવાથી ખાંડ ખાનારને અબજપતિઓને મદદરૂપ થવાનું પાપ લાગશે અને ગોળ સામાન્ય ખેડૂતો બનાવતા હોવાથી ગોળ ખાવાથી ખેડૂતોને મદદરૂપ થવાનું પુણ્ય મળશે. એટલે ખાંડ ખાવામાં ચોખ્ખી અનીતિ છે અને ગોળ ખાવામાં નીતિ સચવાય છે. વળી સ્યુગર ફેક્ટરીમાં જેટલા લોકોને રોજગારી મળે છે તેટલી જ શેરડીનો ગોળ બનાવવામાં ૫૦ ગણી રોજગારી મળે છે. એટલે જે માણસ ખાંડ ખાય છે તે ૫૦ માણસોમાંથી ૪૯ માણસોને બેકારી અને ભૂખમરામાં ધકેલતી અર્થવ્યવસ્થાને ટેકો આપીને પાપ વહોરે છે અને જે ગોળ ખાય છે તે સમાજમાં સુખાકારી અને સમાનતા વધારનારી અર્થવ્યવસ્થાને ટેકો આપીને પુણ્ય કમાય છે. નીતિ, ધર્મ સાચવીને જીવનારે તો સ્વીકારવું જ પડશે.

(૨) મેં અગાઉ જણાવ્યું તેમ ૧૦ કિલો ખાંડ બનાવવામાં ૪ કિલો મોલાસીસ અખાદ્ય વસ્તુ તરીકે વેડફી નાખવી પડે છે. જો ગોળ બનાવ્યો હોત તો ૧૪ કિલો થાત. આમ ૧૦ કિલો ખાંડ વાપરનારને ૪ કિલો ગોળ ફેંકી દેવાનું પાપ લાગશે જ. આજે દુનિયામાં કરોડો માણસો ભૂખમરામાં સબડે છે ત્યારે ૧૦ કિલો ખાંડ ખાવા માટે ૪ કિલો પદાર્થ ફેંકી દેવો તે માનવતા સામેનો ગુનો છે. ખાંડ વાપરનાર આ ગુનામાં ભાગીદાર બનીને પાપ વહોરે છે.

(૩) ખાંડના કારખાના જંગી મોટા હોવાથી ૫૦ થી ૧૦૦ કિલોમીટર દૂરથી શેરડી ખેંચી લાવે છે અને ખાંડ વેંચવા માટે હજારો કિલોમીટર દૂર જાય છે. આ રીતે ટ્રાન્સપોર્ટ ખર્ચ ખૂબ થાય છે અને ડીઝલનો બહુ વપરાશ

થાય છે. ડીઝલ આયાત થાય છે. જેમાં વિદેશી હૂંડિયામણ વપરાય છે. તે કમાવા માટે ગાય બળદોની કતલ કરીને માંસ નિકાસ કરવામાં આવે છે. સારામાં સારા ફળો, શાકભાજી નિકાસ થાય છે. પરિણામે ગરીબો તેનાથી વંચિત રહે છે. આ આખી વ્યવસ્થા ભારોભાર પાપથી ભરેલી છે. ખાંડ ખાનાર માણસ આ બધા પાપોમાં ભાગીદાર બને છે.

(૪) મોટી સ્યુગર ફેક્ટરીઓમાં દૈનિક ૨૦૦૦ થી ૫૦૦૦ ટનની પીલાણ ક્ષમતા હોય છે અને તેમાં ૨૦૦ થી ૫૦૦ ટન ખાંડ દરરોજ બનતી હોય છે. તેની દૈનિક કિંમત કીલોના ૪૦ રૂા. ગણીએ તો ૨૦૦૦૦૦ કિલો x ૪૦ રૂા. = ૮૦ લાખ રૂપિયાથી ૨ કરોડ રૂપિયા થાય. છ મહિનાની સીઝનમાં ૨ કરોડ x ૧૮૦ દિવસ = ૩૬૦ કરોડ રૂપિયાનો ખાંડનો વેપાર થયો. આટલી જંગી રકમનો વહીવટ હાથમાં લેવા માટે અનેક પ્રકારના કાવા દાવા, ખટપટ અને કાળા કામો અને ભ્રષ્ટાચાર થતો હોય છે. સ્યુગર ફેક્ટરી સહકારી ધોરણે હોય તો તેના ડીરેક્ટર બોર્ડમાં ચૂંટાવા માટે, ચૂંટાયા પછી તેમાંથી ભ્રષ્ટાચાર કરવા માટે અનેક માણસો તલપાપડ થતાં હોય છે. પ્રાઇવેટ ધોરણે સ્યુગર ફેક્ટરી હોય તો તે ખેડૂતોનું વધુમાં વધુ શોષણ કરીને, ઓછામાં ઓછા ભાવ ચૂકવીને કરોડો રૂપિયા કેમ બનાવી લેવા તેના કારસ્તાન જ ચાલતા હોય છે. આમાં ચિંતન મનન પણ અનીતિમય જ ચાલતું હોય છે. એટલે એકંદરે સમાજનું નૈતિક અધપતન થતું રહે છે. આ બધાનું પાપ ખાંડ ખાનારને માથે છે.

(૫) સ્યુગર ફેક્ટરીઓ ઉપર સરકારે આકરા કરવેરા નાખ્યા છે. સેન્ટ્રલ એક્સાઇઝનો ગુલામીનો કાળો કાયદો દરેક ખાંડ ફેક્ટરીને લાગુ પડે છે. ખેડૂત એક એકરમાં ૪૦ ટન જેટલી શેરડી પકાવે, જેમાંથી ૪૦૦૦ કિલો ખાંડ બને તેના ઉપર સરકાર કિલોના ૩ રૂપિયા પ્રમાણે સેન્ટ્રલ એક્સાઇઝમાંથી જ એકરે ૧૨૦૦૦ રૂપિયા કમાય. શેરડી ઉપર ખરીદવેરામાંથી, શેરડી પકવવામાં વપરાતા ફર્ટીલાઇઝરના કરવેરામાંથી, ખાંડની પ્રક્રિયામાં વપરાતા રસાયણોમાંથી, શેરડીના તથા ખાંડના ટ્રાન્સપોર્ટમાં વપરાતા ડીઝલમાંથી, એમ અનેક જગ્યાએથી સરકાર કરવેરા મારફત એક એકર શેરડી દીઠ આશરે ૩૦૦૦૦૦/- રૂપિયા કમાય છે.

આ કરવેરામાંથી સરકાર વધુને વધુ અબજપતિઓને તથા વિદેશી કંપનીઓને મદદ કરે છે અને આમ જનતા પ્રત્યે ત્રાસવાદી વલણ અપનાવે છે. જગતની તમામ સરકારો ઝડપભેર ત્રાસવાદી સંસ્થાઓ બનતી જાય છે. તેનું મુખ્ય કારણ નાણાનું કેન્દ્રીકરણ છે. તેમાંથી અનેક અનિષ્ટો સર્જાય છે. આ બધાનું પાપ ખાંડ ખાનારને માથે છે. સ્વદેશી ગોળ ખાનાર આ બધા અનીતિ અને પાપમાંથી બચી જાય છે.

(૬) મોટી સ્યુગર ફેક્ટરીઓને શેરડીની તંગી ના પડે એટલે અનેક અમાનુષી કાયદા સરકારે કરેલા છે. જેમ કે સ્યુગર ફેક્ટરીની ૩૦ કીલોમીટરની ત્રિજ્યામાં કોઈપણ ખેડૂત પોતાની શેરડીમાંથી પોતાના ખેતરમાં ગોળ બનાવી ના શકે એવા કાળા કાયદા બધી સરકારોએ ઠોકી બેસાડ્યા છે. આમાં સ્વરાજનો ઇનકાર છે અને ખેડૂતોને સ્પષ્ટપણે ગુલામ વેઠિયા મજૂરો બનાવવાની દાનત રહેલી છે. એટલે ખેડૂતે ફરજિયાત શેરડી ખાંડ ફેક્ટરીને જ વેચવી પડે. બીજાને ના વેચી શકે. ખાંડ ફેક્ટરી જે ભાવ આપે તે ભાવે જ વેંચવી પડે. બજારમાં બમણા ભાવ મળતા હોય તો પણ બીજાને શેરડી ના વેંચી શકાય. ખાંડ ફેક્ટરીઓ શેરડીના પૈસા ખેડૂતોને એક બે વરસ સુધી ના ચૂકવે, અધૂરા ચૂકવે તો ફરિયાદ પણ ના કરી શકાય, એટલું જ નહીં, ખેડૂત શેરડી સિવાય બીજું કંઈ વાવે તો પણ ગુનો બને. આ તે કેવી કારમી ગુલામી છે! મધ્યપ્રદેશના એક ભાઈએ મને જણાવેલું કે ખેડૂતોને ગોળ બનાવવામાં ઘણો વધારે ફાયદો થતો હોવાથી પોતાના ખેતરમાં ગોળ બનાવવામાં ઘણો વધારે ફાયદો થતો હોવાથી પોતાના ખેતરમાં ગોળ બનાવવાનું ચાલુ કર્યું તો સ્યુગર ફેક્ટરીના સત્તાવાળાઓએ પોલીસમાં ફરિયાદ કરી અને ખેડૂતોના શેરડીના ચીચોડા જપ્ત કર્યા અને કૂવામાં નાખી દીધા, ખેડૂતોને જેલમાં પૂર્યા અને ખૂબ માર માર્યો. અલબત્ત આ બધું કરાવવા માટે ખાંડ ફેક્ટરીએ પોલીસને સારી એવી લાંચ આપી હશે. આવી ગુલામીના સર્જનનું પાપ ખાંડ ખાનારને માથે છે.

(૭) વિદેશોના ડોક્ટરોએ ખાંડની અસરો વિષે ઊંડું સંશોધન કરીને એવું તારણ કાઢયું છે કે ખાંડ માનવ શરીરને જુદી જુદી ૫૯ ખરાબ અસરો મારફત નુકશાન કરે છે. આ તારણો અતિશય ચોંકાવનારા છે. ઇન્ટરનેટ ઉપર તે મળે છે.

ઉત્તમ ગોળ બનાવવા માટે સૂચનો

(૧) સારો ગોળ બનાવવા માટે મધ્યમ કે હળવી દાણાદાર અને નિતારવાળી (પાણી જલ્દી નીકળી જાય એવી) જમીન જેનો પીએચ ૬ થી ૭.૫ હોય તે અનુકૂળ છે. જે જમીનમાં પાણી ભરાઈ રહેતું હોય, ખારાશવાળી ખટાશવાળી જમીન હોય તેવી જમીનમાં ઓછો દાણાદાર અને નબળી ક્વોલીટીનો ગોળ બને છે અને તે લાંબો સમય સારો રહેતો નથી. જમીન ખરાબ હોય તો ચીરોડી ભરીને કે બીજી કોઈ રીતે સુધારી શકાય છે.

(૨) પોચી શેરડી, સીધી શેરડી અને ફાઇબર (છોતા)નું પ્રમાણ ઓછું હોય એવી શેરડીમાંથી સારો ગોળ બને છે. જલ્દીથી પાકી જાય એવી શેરડીમાંથી ગોળ સારો બને છે. જંગી ખાંડ ફેક્ટરીઓમાં એક લેબોરેટરી હોય છે અને આ બધા તત્વો માપી આપે એવા કેમીસ્ટ પણ હોય છે. તેમનો સંપર્ક કરવાથી જરૂરી માહિતી અને જ્ઞાન મળશે.

(૩) શેરડી કાપ્યા પછી તેને તડકાથી બચાવવી જોઈએ. કાપેલી શેરડી ઉપર તડકો પડે તો તેમાંથી રસ ઓછો નીકળે છે. કાપ્યા પછી બે દિવસ કે ત્રણ દિવસે પીલાણ થાય તો સારો ગોળ બનતો નથી. અને ગોળ જલ્દી બગડી જશે. એટલે કાપ્યા પછી તાત્કાલિક પીલાણ થાય તો સારો ગોળ બની શકે. તડકાથી શેરડીને બચાવવા માટે શેરડી પડી હોય ત્યાં છાંયો કરવો જોઈએ અથવા ઢાંકવી જોઈએ અને બહુ તડકો હોય તો તેના ઉપર પાણી છાંટવું જોઈએ. તાજી શેરડી અને કાપ્યા પછીની ૨૪ કલાકની શેરડીમાં કેટલો રસ ઓછો નીકળે તે પણ લેબોરેટરીમાં માપી શકાય છે.

(૪) ગોળની સારી ક્વોલીટીનો મુખ્ય આધાર રસને ચોખ્ખો કરવા ઉપર છે. રસ બરાબર ચોખ્ખો થાય તો ગોળનો રંગ લાઇટ (ઓછો કાળો) દાણાદાર, કઠણ, ભેજ ન ચૂસી શકે (એટલે રાબડુ ન થઈ જાય) એવો અને વધારે પૌષ્ટિક બને છે.

(૫) બધી જાતના કેમીકલ થોડા સમય માટે ગોળમાં ચમક આપે છે. પરંતુ હોળને બગાડવાની પ્રક્રિયા ઝડપી બનાવે છે. ફક્ત ચુનો વાપરવામાં

વાંધો નથી. પ્રમાણસર ચુનો વાપરવાથી ગોળ બગડતો નથી અને પાછળથી કાળુ રાબડુ થતા બચે છે. ઓછો ચુનો નાખો તો (એટલે પી એચ ૭ થી ઓછો રહે તો) ગોળ પોચો અને આછા રંગનો થાય છે અને ચુનો વધી જાય તો (એટલે પીએચ ૭થી વધી જાય તો) ગોળ કડક અને કાળો બને છે. પીએચ માપવાનું દરેક ખેડૂતે શીખી લેવું જોઈએ. તેમાં કાંઈ ખાસ ખર્ચ નથી.

(૬) જે કેમીકલો નાખવામાં આવે છે તે ગોળમાં સચવાઈ રહે છે અને આરોગ્યને તે નુકશાન કરે છે અને ગોળની ક્વોલીટી પાછળથી બગાડે છે. તેથી ચુના સિવાયના કોઈપણ કેમીકલ (રસાયણો) વાપરવા જોઈએ નહીં. જેને ગોળનો સંગ્રહ કરીને બે ત્રણ મહિના પછી વેંચવો છે તેણે કેમીકલ નાખવાથી ગોળની ક્વોલીટીમાં નુકશાન વધારે થાય છે.

(૭) કોલ્હાપુરમાં ભારત સરકારની ગોળ સંશોધન સંસ્થા (જગરી રીચર્સ ઇન્સ્ટીટ્યુટ) આવેલી છે. તેના સંશોધન અનુસાર ગોળ રાંધવાની પ્રક્રિયા ૧૧૮ અંશ સેલ્સીયસ તાપમાને થાય તો ગોળ ઉત્તમ ક્વોલીટીનો, દાણાદાર અને કણીદાર બને છે. સામાન્ય રીતે આજે જે ગોળ ઉદ્યોગ ચાલે છે તેમાં ગોળ તાવડામાંથી થાળામાં ઠારવા માટે લેવામાં આવે છે ત્યારે ૧૦૮ અંશ સે. જેટલું તાપમાન હોય છે. તે ૧૧૮ અંશ સે. હોવું જોઈએ. એટલે કે થોડાક વધારે સમય રંધાવો જોઈએ અને ભેજનું પ્રમાણ ઘટવું જોઈએ. તાપમાન માપવા માટે ઇલેક્ટ્રોનીક ડીજીટલ ટેમ્પરેચર ઇન્ડીકેટર બજારમાં મળે છે, જે ૪૦૦થી ૫૦૦/- રૂ.ની કિંમતનું હોય છે. તે વીજળી કે બેટરીથી ચાલે. તાપમાનના આંકડા સીધા જ બતાવે છે. તેનું સેન્સર તાવડામાં ક્યાંક ફીટ કરવું પડે, જે પ્રવાહી ગોળના સંપર્કમાં રહે તો જ તાપમાન બતાવે.

(૮) મારે ત્યાં મોરેશિયસથી એક ગોળના નિષ્ણાંત ભાઈ આવેલા. તેમનું સૂચન એમ હતું કે ગોળનો કણીદાર પાવડર બનાવવા માટે ખૂબ ઝડપથી ગોળને ઠારવો પડે. તેથી ગોળના થાળા ઉપર બે મોટા પંખા (ઇન્ડસ્ટ્રીયલ ફેન) ચલાવવા જોઈએ. એક બીજું કામ પણ થઈ શકે. લાકડાના થાળાને બદલે લોખંડના જાડા પતરાના થાળા ડબલ તળિયાના બનાવીને બે

તળિયા વચ્ચે ઠંડું પાણી ફરતું રહે એવી વ્યવસ્થા ગોઠવવાથી ગોળ જલ્દી ઠરી જશે. આ બન્ને સૂચનનો એક સાથે અમલ કરવાથી ઝડપથી ગોળ ઠરી જશે અને ગોળનો પાવડર થઈ જશે. ગોળનો પાવડર થાય તો તે ખાંડની જગ્યાએ બધે જ વાપરી શકાય. તે ખૂબ ઊંચા ભાવે યુરોપમાં પણ વેંચી શકાય. ખાંડ બનાવવામાં ઝેરી સલ્ફર વપરાતો હોવાથી લાખો કરોડો માણસો ખાંડનો વિકલ્પ શોધી રહ્યા છે. ગોળનો પાવડર ખાંડનો ખરો વિકલ્પ છે.

(૯) ચોમાસામાં ગોળ બરાબર સચવાઈ રહે અને ઢીલો પડીને રાબડુ ના થાય તે માટે ગોળમાં ભેજનું પ્રમાણ ૬ ટકા અથવા તેનાથી પણ ઓછું કરવા માટે ગદોળને સુકવવો જોઈએ. જે મકાનમાં ગોળ ભરેલો હોય તેને ખૂબ જ સૂકી હવા મળવી જોઈએ. બંધ મકાનમાં ગોળ રાખવાથી તે બગડી જાય છે. જ્યારે ગોળ બનાવવામાં આવે ત્યારે ભેજનું પ્રમાણ ૧૦ થી ૧૨ ટકા હોય છે. તે ગોળ સુકાઈને ૬ ટકા કે તેથી ઓછો ભેજ થાય તેટલું થવું જોઈએ. આવો ગોળ બગડે નહીં. આનો અર્થ એ છે કે ભેજ સુકાઈ જવાથી ગોળનું વજન ૬ ટકા જેટલું ઘટવું જોઈએ. ભેજ માપવાના પણ સાધનો બજારમાં મળે છે.

(૧૦) પેક ડબામાં ગોળ ભરવાનો હોય તો ભેજનું પ્રમાણ ૬ ટકા કે તેથી ઓછું હોવું જ જોઈએ. તેથી જ ભીલાને ચારે બાજુથી હવા મળતી હોવાથી ભેજ ઘટી જાય અને ગોળ ના બગડે. ડબામાં હવા ના મળે અને ભેજનું પ્રમાણ ઘટે નહીં તેથી ગોળ બગડી જાય. છિદ્રાળુ ડબા હોય તો વધુ સારું.

(૧૧) ગોડાઉનમાં ગોળ ભરેલ હોય તો તેને તળિએથી કે દિવાલોમાંથી ભેજ ના લાગે તેની ખાસ કાળજી રાખવી જરૂરી છે.

એકલી ખાદી ગામડાંઓની ઉન્નતિ નહીં કરી શકે. આખા ગ્રામજીવનને, બધા ગ્રામોદ્યોગોને જીવંત કરીને જ ગ્રામવાસીઓને આપણે ઉદ્યમશીલ બનાવી શકીશું અને ત્યારે જ ગામડાંની ઉન્નતી થશે.

ગાંધીજી

❖ ❖ ❖ ❖ ❖

મોદી સરકાર ગોમાંસની નિકાસબંધીનો નિર્ણય ક્યારે લેશે ?

મહારાષ્ટ્રમાં અને અન્ય રાજ્યોમાં ચૂંટણી છે. એટલે વડા પ્રધાન નરેન્દ્ર મોદી આકંઠ ઈચ્છા છતાં ચૂંટણી સુધી તેઓ ગૌમાંસની નિકાસની બાબતમાં મૌન પાળી રહ્યા છે.

મહારાષ્ટ્રમાં ભાજપની સરકાર પાસે છેલ્લાં ૧૯ વર્ષથી અટવાયેલા સંપૂર્ણ ગૌવંશ વધ પ્રતિબંધના બીલને કાયદાનું સ્વરૂપ અપાય તેવી પ્રત્યેક અહિંસક રાષ્ટ્રપ્રેમીની અપેક્ષા છે. ભાજપના ચૂંટણી ઢંઢેરામાં પણ આને અગ્રતા અપાઈ છે. ૧૯૯૫માં ૨૯ નંબરના ખરડામાં ભાજપના મંગલપ્રભાત લોઢાએ પ્રસ્તુત કર્યું હતું. વિધાનસભા અને વિધાનપરિષદમાં આ ખરડો બે વખત પસાર થયો હતો. પછી રાજ્યપાલની સહી થવી તો ફક્ત ઔપચારિક હતી, પરંતુ કોંગ્રેસે પોતાની વોટબેન્કને નજરમાં રાખીને આ ખરડાને કાયદાનું સ્વરૂપ આપ્યું નહીં. જેથી ભાજપની સરકાર રચાય તો પહેલું કાર્ય શુકન સ્વરૂપે આ ખરડાને કાયદાનું સ્વરૂપ આપીને કરશે. તો મહારાષ્ટ્રમાં રોજના ૫૦૦૦થી વધારે બળદો જે કપાય છે તેને જીવતદાન મળશે.

સર્વોચ્ચ અદાલતે ૨૬ ઓક્ટોબર, ૨૦૦૫ના ચુકાદામાં પણ જણાવ્યું હતું કે, બળદો કોઈપણ ઉંમરના હોય આર્થિક રીતે કદી બિનઉપયોગી થતા નથી. અખિલ ભારત કૃષિ ગૌસેવા સંઘ દ્વારા ૭ ન્યાયાધીશની બેન્ચના ચુકાદાએ વૈજ્ઞાનિક સંશોધનના આધારે જણાવ્યું છે કે વૃદ્ધ બળદો ધીમે ધીમે અને ચાવીને ચારો ખાતા હોવાથી તેમના છાણની અંદર વધારે પ્રમાણમાં પોષકતત્ત્વો ભળેલા હોય છે. તેથી ૧૬ વર્ષની ઉપરના બળદોની કતલ આમ પણ યોગ્ય નથી.

રાજ્ય સ્તરે ભાજપ પાસે સંપૂર્ણ ગૌવંશ વધ પ્રતિબંધના ખરડાને કાયદાનું સ્વરૂપ આપવાની અપેક્ષા છે. આનાથી હજારો બળદોને જીવતદાન મળશે. રાષ્ટ્રીય સ્તરે માંસની નિકાસ નીતિની પુનઃ સમીક્ષા કરીને આ દેશમાંથી થતી માંસની નિકાસ સંપૂર્ણ બંધ કરવાની અપેક્ષા છે. ત્રીજી આશા જીવતાં પશુઓની ગેરકાયદેસર નિકાસ અટકાવવાને લગતી છે. બાંગ્લાદેશની ૪૦૬૯ કિ.મી.ની સરહદેથી રોજના ૨૭,૦૦૦ ગાયની ગેરકાયદેસર નિકાસ થાય છે. ગાયને ભાંગ પીવડાવવામાં આવે છે જેથી રાત્રિના સમયે ગાયો દોટ મૂકે છે, લોખંડની કાંટાળી વાડ સાથે ભટકાય છે. શરૂઆતની ૧૫-૨૦ ગાય મૃત્યુ પામે પછી તેના શબ ઉપરથી બાકીના હજારો ગાયોના ઝૂંડને આપણી સરહદેથી ગેરકાયદે પાર કરાવવામાં આવે છે. બ્રહ્મપુત્રાની વહેતી નદીમાં પાંચ-પાંચ હજાર ગાયના ઝૂંડને ફેંકવામાં આવે છે જેમાં ૨૦ ટકા ગાય તણાઈને મરી જાય છે અને બાકીની ૪૦૦૦ ગાય જેમ તેમ બાંગ્લાદેશની સરહદ પર પહોંચાડવામાં આવે છે.

આપણે આંખણાં મેષ આંજીએ છીએ ત્યાં લીલું મરચું સાંધી દેવામાં આવે છે જેથી તેની સતત બળતરાથી પરિવહનના સમયે તે બળદ નીચે ન બેસે. આ રીતે જહાજમાં ૧૦૦ને

બદલે ૩૦૦ બળદ લઈ જવાય છે. કોપર સલ્ફેટ એટલે કે મોરથુથુનું પાણી પણ તેને બળજબરીથી પીવડાવવામાં આવે છે. જેથી કિડની ફેલિયરના નુકસાન સાથે તેનું મૂત્ર બંધ થઈ જાય છે. આ ચાર દિવસમાં તેનું જે ૧૫થી ૨૦ કિલોનું વજન વધે છે તેથી ૨૦ કરોડ કિલોના પૈસા વધારે મળે છે. દેવનાર આખું વર્ષ ચાલે તો પણ ૩૨ લાખ પશુઓથી વધારે કતલ ન કરી શકે, જ્યારે આ પાંચથી આઠ ઓક્ટોબરના ચાર દિવસમાં ૪૦ લાખથી વધારે ગાય આપણી સરહદેથી બાંગ્લાદેશમાં ગેરકાયદેસર નિકાસ કરવામાં આવી છે. બાંગ્લાદેશના ટેનર એસોસિયેશને પણ આ વાતનો સ્વીકાર કર્યો છે અને ત્યાંની સરકારના આંકડા મેળવીએ ત્યારે ખબર પડે છે કે એક પશુદીઠ ૩૨૨ રૂપિયા (૫૦૦ ટકા) જમા કરાવીને પશુને કાયદેસરતાનું રૂપ આપવામાં આવે છે.

ભારત સરકાર પ્રતિવર્ષ ૧૮ લાખ કરોડ રૂપિયાની નિકાસ કરે છે. જેમાં માંસની નિકાસનો હિસ્સો ૧ ટકાથી પણ ઓછો એટલે કે રૂા. ૧૮,૦૦૦ કરોડનો પણ નથી. ખાલી બાસમતી ચોખાની નિકાસથી ૧૪,૦૦૦ કરોડ રૂપિયા જેમ એન્ડ જ્વેલરી ઇન્ડસ્ટ્રી, ૨,૦૩,૦૦૦ કરોડ રૂપિયા અને ઇન્ફોર્મેશન ટેક્નોલોજી ૪,૧૪,૦૦૦ કરોડ રૂપિયા કમાણી આપે છે.

એક કિલો માંસ માટે ૧૫,૦૦૦ લિટર પાણીની જરૂર પડે છે, જ્યારે એક કિલો અનાજમાં માત્ર ૧૩૫૦ લિટર પાણીની જરૂર પડે છે. સમગ્ર વિશ્વનું સરેરાશ પર માથાદીઠ મોલનો વપરાશ મિટ ૪૧૦૯ કિલો છે. ભારતનું તે સમગ્ર વિશ્વમાં સૌથી ઓછું ૪.૪ કિલોગ્રામ છે. તેમ છતાં ભારત દેશ સૌથી વધારે એટલે કે ૬.૩ કરોડ પશુઓની કતલ દ્વારા ૩.૨૮ અબજ ડોલર એટલે કે વિશ્વની ૨૫ ટકા માંસ નિકાસ કરે છે. એટલે કે આપણા દેશના પશુધન હત્યા વિદેશીઓના ચટકાને પોસવા માટે કરવામાં આવે છે.

એક કિલોગ્રામ માંસ પેદા કરવામાં ૨૨.૧ કિલોગ્રામ કાર્બન ડાયોક્સાઈડનું પ્રદૂષણ ઉત્પન્ન થાય છે જે ચોખામાં માત્ર ૨.૭ કિલો છે અને ઘઉંમાં તો માત્ર ૪૦૦ ગ્રામ છે. એક ગાડી ૧૬૦ કિ.મી. ચાલે અને જે પ્રદૂષણ પેદા થાય તેટલું કાર્બન ડાયોક્સાઈડનું પ્રદૂષણ ૧ કિલો માંસના ઉત્પાદનમાં થાય છે.

જૈનાચાર્ય રત્નસુંદરસૂરીશ્વરજી મહારાજ દ્વારા પણ રાજ્યસભામાં ફાઈલ થયેલી પિટિશનથી લોકોમાં સારી જાગૃતિ આવી છે, પરંતુ પ્રથમ તબક્કો પસાર કરી ચૂકેલી આ પિટિશન હવે ઝડપથી સરકાર આગળ વધારે તેવી સહુની અપેક્ષા પેદા થઈ છે.

આપણે આશા રાખીએ કે પશુઓ માટે પણ હવે સારા દિવસોની શરૂઆત જલદીથી આવશે. ૧૬ કાયદાઓની કતલ કર્યા પછી એક પશુની કતલ કરવામાં આવતી હોય છે. કાયદાના ઘડનારાઓની ભાવના પ્રમાણે કાયદાના અમલબજવણી કરતા લોકો જો કાર્ય કરે તો હાલના તબક્કે જ ૯૦ ટકાથી વધારે પશુઓની કતલ બંધ થઈ શકે છે.

લિ. અતુલ વી. શાહ

ગ્રામવિકાસ સંકલન